અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ જાન્યુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧ | અંક : ૨૦૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મોદી કેબિનેટની બેઠકમાં લેવાયા બે મોટા નિર્ણય

## શેરડીમાંથી બનતા ઈથેનોલના ભાવ સરકારે વધાર્યા, નેશનલ ક્રિટિકલ મિશનને પણ મંજૂરી

### પેટ્રોલમાં મળતા ઈથેનોલને જ્યાં પહેલા સરકારી કંપનીઓ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લીટરમાં ખરીદતી હતી, હવે કંપનીઓ આ ઈથેનોલ ૫૭.૯૭ પ્રતિ લીટરમાં ખરીદશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

મોદી કેબિનેટની બેઠકમાં આજે બે મોટા નિર્ણયો પર મહોર લાગી છે. આજે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયો અંગે જાણકારી આપી છે. આમાંથી એક નિર્ણય ખેડૂતોની રાહત માટે છે. જ્યારે બીજા નિર્ણયની અસર કૃષિ ક્ષેત્રની સાથે અન્ય ઘણા ક્ષેત્રો પર પણ જોવા મળશે. આર્થિક બાબતો પર કેબિનેટ કમિટિએ ઈથેનોલના ભાવમાં વધારાને મંજૂરી આપી છે. આ ઉપરાંત કેબિનેટે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પણ મંજૂરી આપી દીધી છે. દેશની અર્થવ્યવસ્થા માટે ક્રિટિકલ મિનરલના મહત્વને ધ્યાનમાં રાખીને ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના આ મિશનને મંજૂરી આપવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય દેશને ખનિજોના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા તરફ આગળ વધવાનો છે. વડાપ્રધાનની અધ્યક્ષતામાં ઝઝઈઇ એ ઈથેનોલની ખરીદી માટે સુધારેલા ભાવોને મંજૂરી આપી દીધી છે.



આ કિંમતો ૧ નવેમ્બર ૨૦૨૪થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી લાગુ રહેશે. નિર્ણય પ્રમાણે ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પ્રોગ્રામ હેઠળ C-Heavy Molasses એટલે કે CHM માટે એક્સ મિલ ભાવ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લીટરથી વધારીને ૫૭.૯૭ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ખેડૂતોને ફાયદો થવા ઉપરાંત દેશની ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટાડવા અને વિદેશી ચલણ બચાવવામાં પણ મદદ કરશે.

કેબિનેટે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશનને પણ આજે મંજૂરી આપી દીધી છે. તેમાં ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે અને લગભગ ૧૮,૦૦૦ કરોડ રૂપિયાનું સરકારી કંપનીઓ દ્વારા રોકાણ કરવામાં આવી શકે છે. સરકારના આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન ટેકનોલોજી માટે જરૂરી ક્રિટિકલ મિનરલ માટે વધુ સારી વેલ્યુ ચેનને સ્થાપિત કરવાનો છે. કેબિનેટ દ્વારા જારી રિલીઝ પ્રમાણે ક્રિટિકલ મિનરલ સેક્ટરમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે એક અસરકારક ફ્રેમવર્ક સ્થાપિત કરવું ખૂબ જ જરૂરી છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ રજૂ કરાયેલા બજેટમાં નાણામંત્રીએ ક્રિટિકલ મિનરલ મિશનની જાહેરાત કરી હતી. આ મિશન દ્વારા દેશમાં આવા મિનરલની શોધના કાર્યને ઝડપી બનાવી શકાશે. આગામી ૭ વર્ષમાં આ મિશનમાં ૩૪,૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. બજેટ પહેલા કેન્દ્ર સરકારે ખેડૂતો માટે મોટો નિર્ણય લીધો છે. શેરડીમાંથી બનતા ઈથેનોલની કિંમત વધારવાની મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન પર પણ મહોર લગાવી છે. આ મિશન પર ૧૬૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય દેશમાં ખનિજ સંપદાનો યોગ્ય ઉપયોગ કરવા માટે એક ઢાંચો તૈયાર કરવાનો છે.કેબિનેટ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સૌથી મોટો નિર્ણય ઈથેનોલ બ્લેન્ડિંગ સાથે જોડાયેલ છે. પેટ્રોલમાં મળતા ઈથેનોલને જ્યાં પહેલા સરકારી કંપનીઓ ૫૬.૫૮ રૂપિયા પ્રતિ લીટરમાં ખરીદતી હતી, હવે કંપનીઓ આ ઈથેનોલ ૫૭.૯૭ પ્રતિ લીટરમાં ખરીદશે. એટલે કે તેની કિંમતમાં ૩ ટકાનો વધારો કર્યો છે, તેનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે. સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિલાવાની છૂટ આપી છે. તેનો ઉદ્દેશ્ય ક્રૂડ તેલના ઈમ્પોર્ટને ઘટાડવાનું છે. જેથી વિદેશી મુદ્રા બચાવી શકાય.

### ૧૨ લોકો ઈજાગ્રસ્ત । ઈસ્ટર્ન પેરિફેરલ હાઈવે પર ૪૦ વાહનો અથડાયા

## ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી-મેરઠ એક્સપ્રેસ હાઈવે પર ૨૫ વાહનો વચ્ચે અકસ્માત થયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ગાઝિયાબાદમાં ગાઢ ધુમ્મસના કારણે હાઈવે પર આજે વહેલી સવારે અનેક વાહનો અથડાયા હતાં. દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે પર પણ બે ડઝનથી વધુ ગાડીઓ અથડાઈ હતી. પેરિફેરલ હાઈવે પર ૪૦ ગાડીઓ, તો દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે પર ૨૫ ગાડીઓ અથડાઈ હતી. બંને દુર્ઘટનામાં અનેક લોકો ઘવાયા હતા.

દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે પર કલછીના નજીક સવારે નવ વાગ્યે ધુમ્મસના કારણે ૨૫થી વધુ ગાડીઓ અથડાઈ હતી. દુર્ઘટનામાં લગભગ ૧૨ લોકો ઘવાયા હતા. એક્સપ્રેસ વે પર ટ્રાફિક સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં એનએચઆઈએના કર્મીઓ તથા ભોજપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે અન્ય લોકોની મદદથી લોકોને વાહનમાંથી બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્તોને ગાઝિયાબાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મુરાદનગરના રેવડા રેવડી ગામ નજીક ઈસ્ટર્ન પેરિફેરલ હાઈવે પર આશરે ૧૦ વાગ્યે ૪૦ વાહનો અથડાયા હતા. જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. જ્યાં આ અકસ્માત બાદ ભારે ટ્રાફિક સર્જાયો હતો. બલિયામાં અગાઉ ૨૪ જાન્યુઆરીએ ધુમ્મસના કારણે બાઈક અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોના મોત નીપજ્યા હતા. આ અકસ્માતમાં બલિયાના રહેવાસી શુભમ સોની, શિવમ વર્મા મૃત્યુ પામ્યા હતા. જ્યારે ટેમ્પો ડ્રાઈવર મોહિત રાજભર પણ ટેમ્પોમાં ફસાઈ જતાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો.

## મહાકુંભમાં થયેલી ભાગદોડમાં કુલ 30 લોકોના મોત થયા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯ ।

મહાકુંભના સંગમ નોઝ પર થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે, જ્યારે ૬૦ લોકો ઘાયલ છે. આ વાતની જાણકારી મેળા પ્રશાસન તરફથી આપવામાં આવી છે. મંગળવાર-બુધવારની રાત્રે લગભગ ૨ વાગે મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી. તેની ચપેટમાં કેટલાય શ્રદ્ધાળુઓ આવી ગયા હતા. આ દુર્ઘટના બાદ કેટલીય એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તાત્કાલિક ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા.

આપને જણાવી દઈએ કે, ભાગદોડ બાદ અખાડા પરિષદે અમૃત સ્નાન કરવાની ના પાડી દીધી હતી. જો કે બાદમાં હાલાત સામાન્ય થતાં અખાડાએ નક્કી કર્યું કે,



અમૃત સ્નાનમાં સામેલ થશે. સ્નાન માટે સંગમમાં સાધુ-સંતો પર હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. તમામ ૧૩ અખાડાએ અમૃત સ્નાન કર્યું હતું. પ્રયાગરાજ મહાકુંભમાં મચેલી ભાગદોડની ચપેટમાં આવવાથી ૯૦ લોકો ઘાયલ થયા છે, જેમાં ૩૦ના મોત થઈ ગયા છે. મૃતકોમાં ૨૫ લોકોની ઓળખાણ થઈ છે. આ જાણકારી મેળા પ્રશાસન તરફથી પ્રેસ કોન્ફરન્સ કરીને આપી હતી. કર્ણાટકના ચાર અને ગુજરાતના એક શ્રદ્ધાળુની પણ ઓળખાણ થઈ છે.

### મહાકુંભમાં મૃતકોના પરિવારને ૨૫ લાખના વળતરની જાહેરાત

**મહાકુંભના સંગમ નોઝ પર થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે. જ્યારે ૬૦ જેટલા લોકો ઘાયલ થઈ ગયા છે. આ વાતની જાણકારી મેળા પ્રશાસન તરફથી આપવામાં આવી છે. મંગળવાર-બુધવારની રાતે લગભગ ૨ વાગ્યે મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી. તેની ચપેટમાં કેટલાય શ્રદ્ધાળુઓ આવી ગયા હતા. મહાકુંભમાં થયેલી ભાગદોડમાં જીવ ગુમાવનારા પરિવારોને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૨૫-૨૫ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે.**

### મહાકુંભમાં ભાગદોડ મામલે પીએમ મોદીએ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

**ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં કરોડોની સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. બુધવારે મૌની અમાવસ્યાના દિવસે સવારથી લગભગ ૩.૫ કરોડથી વધારે લોકો ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી ચુક્યા છે. જો કે બુધવારે સવારે ૧થી ૧.૩૦ કલાકની આસપાસ મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં કેટલાય લોકો ઘાયલ થઈ ગયા હતા. મહાકુંભ વિસ્તારમાં હવે સ્થિતિ નિયંત્રણમાં છે અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા છે. હવે પીએમ મોદીએ પણ ટ્વિટ કરીને આ દુર્ઘટના પર શોક પ્રકટ કર્યો છે. પ્રયાગરાજ મહાકુંભમાં થયેલા દુર્ઘટના બાદ પીએમ મોદીએ ટ્વિટ કર્યું છે. આ ટ્વિટ કરી પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, પ્રયાગરાજમાં મહાકુંભમાં થયેલ દુર્ઘટના અત્યંત દુઃખદ છે. તેમાં જે શ્રદ્ધાળુઓએ પોતાના પરિજનોને ખોયા છે, તેમને પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ. તેની સાથે જ હું તમામ ઘાયલોને શીઘ્ર સ્વસ્થ થવાની કામના કરુ છું. સ્થાનિક પ્રશાસન પીડિતોની દરેક સંભવ મદદ કરવામાં લાગી ગયો છે. આ જ ક્રમમાં મુખ્યમંત્રી યોગીજી સાથે પણ વાતચીત કરી અને હું સતત રાજ્ય સરકારના સંપર્કમાં છું.**

### ન્યૂઝ બ્રિફ

#### સોનામાં ભાવ ફરી રૂ. ૫૦૦ વધી સર્વોચ્ચ ટોચે પહોંચ્યો

। નવી દિલ્હી, તા.૨૯ ।

અમેરિકામાં ફેડ રિઝર્વ દ્વારા ૨૯ જાન્યુઆરીના રોજ યોજાનારી બેઠક પૂર્વે વૈશ્વિક સ્તરે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ અમેરિકાની ટેરિફ નીતિ મુદ્દે ભીતિના કારણે સ્થાનિક બજારોમાં તેજી જોવા મળી છે. અમદાવાદમાં આજે સોનું ફરી રૂ. ૫૦૦ વધી રૂ. ૮૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું છે. એમસીએક્સ ખાતે છેલ્લા દસ દિવસમાં સોનું રૂ. ૨૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ મોંઘુ થયું છે.

#### સાઉદી અરેબિયામાં રોડ અકસ્માતમાં નવ ભારતીયોના મોત નિપજ્યા

। નવી દિલ્હી, તા.૨૯ ।

સાઉદી અરેબિયામાં ગમખ્વાર રોડ અકસ્માત સર્જાયો છે. આ રોડ અકસ્માતમાં ૯ ભારતીયોના મોત થઈ ગયા છે. જેદ્દાહમાં ભારતીય મિશને આ અંગે જાણકારી આપી છે. મિશને જણાવ્યું કે, આ અકસ્માત પશ્ચિમી સાઉદી અરેબિયામાં જીજાન પાસે સર્જાયો છે. અમે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો સાથે સંપર્કમાં છીએ. આ ઉપરાંત અમે સાઉદીના અધિકારીઓના સંપર્કમાં છીએ અને તેઓ પોતાનું સમર્થન આપી રહ્યા છે.

### ભાજપની જીતનો મમતાએ ફોડ પાડ્યો

## I.N.D.I.A. ગઠબંધનના પરાજય માટે કોંગ્રેસ જવાબદાર : મમતા

। (એજન્સી) કોલકાતા, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પોતાની નવી પુસ્તકમાં કોંગ્રેસની ટીકા કરી છે. આ સિવાય ભાજપને ત્રીજીવાર બહુમતિ ન હોવા છતાં સત્તામાં મળવા પાછળ કોંગ્રેસને જવાબદાર ગણી છે. મમતાનું કહેવું છે કે, કોંગ્રેસની ભૂલોના કારણે વિપક્ષનું ગઠબંધન INDIA ચૂંટણીમાં અસફળ રહ્યું અને ભાજપને બહુમત વિના ફરી સત્તા હાંસલ કરવાની તક મળી. મમતા બેનર્જીએ ત્રણ નવી પુસ્તકને મંગળવારે (૨૮ જાન્યુઆરી) કોલકાતા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં લૉન્ચ કરી. આ પુસ્તકોમાંથી એકનું નામ Banglar Nirbachon o Amra છે. જેમાં તેઓએ ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીના પરિણામો પર પોતાના વિચાર વ્યક્ત કર્યા છે. પોતાની પુસ્તકમાં મમતા બેનર્જીએ કહ્યું કે, અમે ભારતીય જનતા પાર્ટી સામે એક મજબૂત વિપક્ષી ગઠબંધન બનાવવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો, જેમાં તમામ વિરોધી પાર્ટીને એકજૂટ કરી શકાય. શરૂઆતથી જ અમે એક સામાન્ય ન્યૂનતમ કાર્યક્રમ અને સામાન્ય ચૂંટણી ઢંઢેરા પર ભાર મૂકી રહ્યા હતાં.

### GSLV-F15 રોકેટનું સફળ લોન્ચિંગ

## ઈસરોએ રચ્યો ઇતિહાસ, અંતરિક્ષમાં ૧૦૦મું મિશન લોન્ચ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ઈસરોએ રોકેટ લોન્ચની સદી પૂર્ણ કરી ઈતિહાસ રચી દીધો. ઈસરોએ બુધવારે GSLV-F15 રોકેટ દ્વારા નેવિગેશન સેટેલાઈટ (NVS-02) લોન્ચ કર્યું. NavIC હેઠળ બીજી પેઢીના પાંચ ઉપગ્રહોનો સમાવેશ થાય છે. અગાઉ ૨૯ મે, ૨૦૨૩ ના રોજ, NVS-01 ને GSLV-F12 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. GSLV-F15 રોકેટ દ્વારા લોન્ચ કરાયેલ આ નેવિગેશન સેટેલાઈટ (NVS-02) પરિવહનમાં યોગ્ય ટ્રેકિંગ અને માર્ગદર્શન આપવામાં મદદ કરશે. હવા અને દરિયાઈ ટ્રાફિકને કાર્યક્ષમ રીતે ટ્રેક કરશે. જ્યારે સૈન્ય અભિયાન હાથ ધરવા માટે સલામત, સ્થાનિક નેવિગેશન હોવાથી સંરક્ષણ



ક્ષમતાઓમાં વધારો થશે.તે ભારતીય ઉપખંડ તેમજ ભારતીય ભૂમિગત વિસ્તારોથી લગભગ ૧,૫૦૦ કિલોમીટર સુધીના વિસ્તારોના યૂઝર્સને ચોક્કસ સ્થિતિ, ગતિ અને સમયની માહિતી પ્રદાન કરશે. NAVIS-02 ને NVS ને નેવિગેશન સેવાઓની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.NavIC માં બીજી પેઢીના પાંચ ઉપગ્રહોનો સમાવેશ થાય છે.

### સ્મોલ-મીડ કેપમાં આકર્ષક ખરીદી

## બજેટ પૂર્વે સેન્સેક્સમાં બે દિવસમાં ૧૧૬૬ પોઈન્ટનો ઉછળ્યો જોવાયો

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

શેરબજાર સળંગ બીજા દિવસે ઉછાળા સાથે બંધ રહ્યા છે. સોમવારે સેન્સેક્સ ૮૨૪ પોઈન્ટ તૂટ્યા બાદ છેલ્લા બે દિવસમાં ૧૧૬૬.૭૩ પોઈન્ટ ઉછળ્યો છે. રોકાણકારોની મૂડી પણ ૬.૪૫ લાખ કરોડ વધી છે. ફેડ રિઝર્વ દ્વારા આજે મોડી રાત્રે થનારી જાહેરાતો પ્રત્યે સકારાત્મક વલણ સાથે બેંકિંગ અને આઈટી શેરોમાં ખરીદી વધતાં શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો છે. સેન્સેક્સ આજે ૬૩૧.૫૫ પોઈન્ટ ઉછળી ૭૬૫૩૨.૯૬ પર અને નિફ્ટી ૨૦૫.૮૫ પોઈન્ટ ઉછળી ૨૩૧૬૩.૧૦ પર બંધ રહ્યો હતો. સ્મોલકેપ અને મીડકેપ શેર્સમાં પણ બે દિવસની મંદી બાદ આજે ઉછાળો જોવા મળ્યો હતો. સ્મોલકેપ ઈન્ડેક્સ ૧૫૫૮ પોઈન્ટ અને મીડકેપ ઈન્ડેક્સ ૧૦૦૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. આઈટી અને પીએસયુ શેરોમાં આજે આકર્ષક ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. રિયાલ્ટી ઈન્ડેક્સ પણ ૩ ટકાથી વધુ ઉછળ્યો હતો.



# પ્રજાસતાક પર્વ અવસરે ૧૯૬૨ અને MVD ફરતું પશુ દવાખાનાનાં વેટરનરી ડોક્ટર અને પાયલોટને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરાયાં




। ગાંધીનગર, તા.૨૯ ।

૭૬માં પ્રજાસતાક પર્વની જીલ્લાકક્ષાની ઉજવણી મટવાડ જલાલપોર ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ડિપાર્ટમેન્ટના ટેબ્લોનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું જેમાં ઈ.એમ.આર. આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસ તરફથી ૧૦૮ ICU એમ્બ્યુલન્સ, ખિલખિલાટ એમ્બ્યુલન્સ, ધન્વંતરિ આરોગ્યરથ, ૧૮૧ મહિલા અભયમ વાનનું પણ ટેબ્લોનું પણ પ્રદર્શન કરાયું હતું. આ અવસરે વનઅનેપ ર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે અને મહાનુભાવોના હસ્તે વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ઈમરજન્સીની ઘટનાઓમાં ગોલ્ડન કલાકોથી આગળ વધીને પ્લેટિનમ મિનિટમાં અબોલ પશુઓનો જીવ બચાવતી ૧૯૬૨ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓનું પણ એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે શ્રેષ્ઠ સ્ટફ્ર એનિમલ એમ્બ્યુલન્સમાંથી ડોક્ટર શ્રુતિ પટેલ અને પાયલોટ મિનેશભાઈ આહીરને એવોર્ડ આપીને સન્માનિત કરાયાં હતા. આ પ્રસંગે EMRI GREEN HEALTH SERVICE ૧૦૮, ૧૯૬૨, MHU સેવા તરફથી ૧૯૬૨ પ્રોજેકટ કોર્ડીનેટર નિરવ પ્રજાપતિ ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝીક્યુટીવ મૃગેશ ચૌધરી ઉપસ્થિત રહયાં હતા.

### વલસાડ પોસ્ટ વિભાગ દ્વારા

## માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારના વારસદારને રૂ. ૧૦ લાખનો ચેક અર્પણ કરાયો



। (માહિતી) વલસાડ, તા.૨૯ ।

૭૬માં ગણતંત્ર દિવસના પર્વ નિમિત્તે વલસાડ ટપાલ વિભાગ દ્વારા વલસાડ હેડ પોસ્ટ કાર્યાલયે ડાક ચૌપાલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટપાલ વિભાગ દ્વારા આપવામાં આવતી બેક્કિંગ અને ઈન્સ્યુરન્સની વિવિધ સેવાઓની જાણકારી લોકોને આપવામાં આવી હતી. નાશિક હાઈવે પર માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર જીતેન્દ્રભાઈ અશાર્યાના વારસદાર રૂપવતીબેન અશાર્યાને માત્ર રૂા. ૫૪૫/- વાર્ષિક પ્રીમિયમમાં આપેલી ગ્રુપ એક્સિડન્ટ ગાર્ડ પોલિસી હેઠળ રૂ. ૧૦ લાખનો ચેક પોસ્ટ વિભાગના ડિવિઝન હેડ ચિરાગ મહેતા (IPoS) અને ડેપ્યુટી SP S પી તલગાવકર દ્વારા આપવામાં આવ્યો હતો.

## જામનગરમાં પાંચ વર્ષે ફરી કોંગો ફીવર સામે આવ્યો

। (એજન્સી) જામનગર, તા.૨૯ ।

જામનગરમાં પાંચ વર્ષ પછી ફરી કોંગો રોગના વાયરસ દેખાતાં ફફડાટ વ્યાપી ગયો છે. જામનગર શહેરમાં પંચેશ્ર્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષિય એક આઘેડનું કોંગો ફિવરને કારણે મૃત્યુ થતાં આરોગ્યતંત્રમાં દોડધામ વ્યાપી ગઈ હતી.

### આરટીઓ અમદાવાદ અને બ્રહ્માકુમારીઝના સંયુક્ત ઉપક્રમે આયોજન

## મહાદેવનગર ખાતે ‘સડક સુરક્ષા અભિયાન - કાળજી’ કાર્યક્રમ યોજાયો



। અમદાવાદ, તા.૨૯ ।

માર્ગ સલામતી માસ નિમિત્તે આરટીઓ અમદાવાદ અને બ્રહ્માકુમારીઝની ટ્રાન્સપોર્ટ અને ટ્રાવેલ વિંગના સંયુક્ત ઉપક્રમે બ્રહ્માકુમારીઝ, મહાદેવનગર ખાતે ‘સડક સુરક્ષા અભિયાન - કાળજી’ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

એ પ્રસંગે આરટીઓ અમદાવાદના પ્રાદેશિક પરિવહન કાર્યાલયના શ્રી એન.એન. બક્ષીએ ટ્રાફિક નિયમોના વિવિધ પાસાઓ સમજાવતાં કહ્યું કે, આપણે પોલીસના ડરથી નહીં પણ સલામતી માટે હેલ્મેટ પહેરવું જોઈએ.

બ્રહ્માકુમારી ટ્રાન્સપોર્ટ અને ટ્રાવેલ વિંગના ચેરમેન શ્રી બી.કે. દિવ્યપ્રભા દીદીજીએ માર્ગ સલામતી સંસ્કૃતિમાં પરિવર્તન વિશે, બાળકોમાં ટ્રાફિક નિયમોન પાલનનું શિક્ષણ સહિત મેડીટેશન દ્વારા મનને નિયંત્રિત કરી રસ્તા પર ટ્રાફિકનું સંચાલન સહિતની બાબતો વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજયોગ શિક્ષક શ્રી બી. કે.કવિતા બહેને ટ્રાફિક નિયમોના પાલન અંગે સામાજિક જાગૃતતા તથા સહાયરૂપ અને અનુશાસનરૂપ માનસિકતા કેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતોદ્ઘ

કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિડીયોના માધ્યમથી સૌને ટ્રાફિક સિગ્નલના નિયમોથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, લઘુ નાટીકા દ્વારા માર્ગ સલામતી અને જીવન બચાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આરટીઓ કાર્યાલયના નિરીક્ષક શ્રી કે.વી.ચાવડા, શ્રી પી.જે.વસાવા, રોડ સેફટી કોર્ડીનેટર શ્રી સિકંદર તથા શ્રી જગદીશભાઈ ઝુલા સહિત પોલીસ વિભાગના કર્મીઓ તથા પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

### SOGએ કરી કાર્યવાહી

## તાપીના વેલદા ગામેથી ૭ જીલેટિન સ્ટીક સાથે ચાર આરોપીઓની ધરપકડ

### આશરે ૧ લાખ 3 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે આ વિસ્ફોટક અને મુદ્દામાલ સાથે પોલીસ ધરપકડ કરી

। (એજન્સી) તાપી, તા.૨૯ ।

છેલ્લાં ઘણાં સમયથી રાજ્યભરમાંથી વિસ્ફોટક પદાર્થ ખોરાક સમજીને ખાવાના કારણે પશુઓના મોતથી લઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાના બનાવ સામે આવ્યા છે. હાલ તાપી જિલ્લાના નિઝર તાલુકામાં SOG પોલીસ દ્વારા આ અંગે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તાપી જિલ્લાના વેદલા ગામની સીમના ખેતરમાંથી વિસ્ફોટક પદાર્થ સાથે ચાર આરોપીઓને ઝડપી લેવાયા છે. તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વેદલા ગામની સીમમાંથી SOG પોલીસે વિસ્ફોટકો સાથે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આ કાર્યવાહીમાં કુલ ૭ જીલેટીન સ્ટીક સહિતનો જથ્થો અને આશરે ૧ લાખ ૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ વિસ્ફોટક અને મુદ્દામાલ સાથે પોલીસે ભાવિન પટેલ, રામચંદ્ર ભીલ, જમનાલાલ જાટ અને ધનરામ કીર નામના વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસને તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી વિસ્ફોટક સામગ્રી અંગે કોઈ બિલ કે ખરીદીના કોઈ નક્કર પુરાવા મળ્યા નહતાં. આ ગંભીર બાબતને લઈ પોલીસે નિઝર પોલીસ સ્ટેશનમાં એક્સપ્લોઝીવ એક્ટ તેમજ BNSS (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા) ની કલમ ૨૮૮, ૫૪ તથા સ્ફોટક પદાર્થ અધિનિયમ ૧૯૦૮ની કલમ ૪, ૫, ૬ અને સ્ફોટક અધિનિયમ ૧૮૮૪ની કલમ ૫, ૯(૧)B, ૧૨ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતમાં છ વર્ષથી નાસતો ફરતો ફ્રોડસ્ટર પોલીસના સકંજામાં

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરતમાં છ વર્ષથી નાસતો ફરતો ચીટર પોલીસના સકંજામાં આવ્યો છે. આના પગલે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમદાવાદના અસારવા ખાતેથી આ આરોપીને ઝડપી લેવાયો છે.

આમ સુરત પોલીસની મહેનત લાંબા સમય પછી રંગ લાવી છે સુરતમાં છ વર્ષથી નાસતો ફરતો ચીટર પોલીસના સકંજામાં આવ્યો છે. આના પગલે સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમદાવાદના અસારવા ખાતેથી આ આરોપીને ઝડપી લેવાયો છે. આમ સુરત પોલીસની મહેનત લાંબા સમય પછી રંગ લાવી છે. આરોપીએ કાપડના વેપારી સાથે છેતરપિંડી કરી હતી. તેણે ૭૮ લાખ રૂપિયાથી વધુ રકમની સાડી ખરીદી હતી. દલાલ મારફતે પ્રિન્ટેડ તથા ડાયમંડ વર્કની સાડીઓ ખરીદી હતી.

વેપારીને પેમેન્ટ ન ચૂકવીને ચીટર દર્શન ભાગી છૂટ્યો હતો. સલાબતપુરા પોલીસના ચોપડે દર્શન ઠાકોર મોસ્ટ વોન્ટેડ હતો. કાપડ માર્કેટમાં આમ પણ કટોકટી ચાલે છે ત્યારે આ પ્રકારની ચોરીના લીધે વેપારીને મોટો ફટકો પડ્યો હતો. વેપારી સાથે દર્શને કરેલી ચોરીના કારણે વેપારીની સ્થિતિ નાણાકીય રીતે કથળી ગઈ હતી. તેના કારણે વેપારીને બીજાનું પેમેન્ટ કરવું મુશ્કેલ થઈ ગયું હતું. તેણે રીતસરના બીજી ચૂકવણી માટે મહેતલ લેવી પડી હતી. આ પહેલા પોલીસે સુરતમાં આવેલી એક આંગડિયા પેઢી સાથે એક કરોડની છેતરપિંડીના કેસમાં ક્રાઈમ બ્રાંચે વધુ એક વોન્ટેડ આરોપીને ઝડપી ઝડપ્યો હતો. સુરતમાં મહીધરપુરામાં એસ.કે.આંગડિયામાં આ છેતરપિંડી થઈ હતી. પોલીસે હરીશ સીસારા નામના આરોપીને કામરેજ ચાર રસ્તા પાસેથી ઝડપી લીધો હતો. તપાસમાં આરોપીએ તેના મળતીયાઓ સાથે મળીને આ છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. જેમાં એસ.તે.આંગડિયામાં એક કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે આ કેસમાં અગાઉ બે આરોપીને ઝડપી લીધા હતા.

## હજીરામાં આર્સેલર મિત્તલના સ્ટીલ પ્લાન્ટમાં એક મહિનામાં બીજી દુર્ઘટના

। (એજન્સી) સુરત, તા.૨૯ ।

સુરત જિલ્લાના હજીરામાં આવેલી આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીમાં વધુ એક દુર્ઘટના સર્જાય છે. જેમાં એક નંબરના પ્લાન્ટમાં લિફ્ટ તૂટી પડતાં લિફ્ટ ઓપરેટર સહિત બે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા આશુતોષ હોસ્પિટલમાં દાખલ કરાય હતા. જ્યારે લિફ્ટ ઓપરેટરની હાલત ગંભીર હોવાથી તેને મુંબઈની લીલાવતી હોસ્પિટલ મોકલવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ગત ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ AMNS કંપનીના પ્લાન્ટમાં આગ લાગવાથી ૪ મજૂરોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું હતું. સુરત જિલ્લાના હજીરામાં ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ AMNS કંપનીના પ્લાન્ટ નંબર-૧માં એચબીઆઈ મોડલ નંબર-૪માં લિફ્ટ તૂટી જવાની દુર્ઘટના સર્જાય હતી. જેમાં મહેશ કુમાર નામના લિફ્ટ ઓપરેટરને બ્રેઈન હેમરેજ થયું હતું, ત્યારબાદ મહેશને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે મુંબઈની લીલાવતી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં મહેશનું મોત નીપજ્યું હતું. જ્યારે લિફ્ટ તૂટવાની દુર્ઘટનામાં જતીનકુમાર કુશવાહા નામના ટ્રેઈની એન્જિનિયરની હાલત ગંભીર હોવાથી હાલ સુરતની આશુતોષ હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ છે. મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના હજીરામાં ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ની મોડી સાંજે AMNS કંપનીના કોરેક્સ - ૨ પ્લાન્ટમાં એક ચિમનીમાં ભીષણ આગ લાગી હતી. જેમાં ૪ મજૂરો લિફ્ટમાં ફસાયા હતા, જેમાં ધવલકુમાર નરેશભાઈ પટેલ, ગણેશ સુરેશભાઈ પટેલ, જીજ્ઞેશ દિલીપભાઈ પારેખ, સંદિપ પટેલ નામના કર્મચારીઓના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૦ લોકોને ગંભીર રીતે દાઝી ગયા હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર ઘટનાને લઈને AMNS કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કંપનીમાં સાંજના શટડાઈન પછી અકસ્માતની ઘટના બની હતી. આ દરમિયાન ખાનગી કંપનીના ચાર કોન્ટ્રાક્ટ કામદારો લિફ્ટમાં ફસાયા હતા. ઘટનાને પગલે તમામ ઈમરજન્સી પ્રોટોકોલ ફોલો કરાયા હતા.

# મહાકુંભ ૨૦૨૫ ની પરિવર્તનશીલ યાત્રાઃ તીર્થયાત્રા અનુભવને સરળ બનાવશે ભારતીય રેલવે

**રવિન્દ્ર ગોયલ,** ભૂતપૂર્વ સભ્ય - સંચાલન અને વ્યવસાય વિકાસ રેલવે બોર્ડ









મહાકુંભ ૨૦૨૫ માં લાખો તીર્થ યાત્રાળુઓ ને પવિત્ર નગરી પ્રયાગરાજ પહોંચાડવામાં ભારતીય રેલવે એ તેની ભૂમિકાને ફરીથી વ્યાખ્યાયિત કરી છે. પરિવહન પૂરું પાડવા ઉપ રાંત,રેલવે વિશ્વ કક્ષાની આતિથ્ય સેવાઓ પણ સફળતાપૂર્વક ચલાવી રહી છે. નોંધપાત્ર અપગ્રેડેશન, નવીન ઉકેલો અને સમાવેશકતા પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, રેલવે આ વ્યાપક ધાર્મિક આયોજનમાં કામગીરીમાં નવા ધોરણો સ્થાપિત કરી રહી છે.

### આધુનિક માળખાકીય સુવિધાઓથી આધ્યાત્મિક ઉદ્દેશ્ય ની પૂર્તિ

ભારતીય રેલવે એ પવિત્ર સંગમ ના યાત્રાના અનુભવ અને તેને આધ્યાત્મિક રીતે પણ સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. છેલ્લા એક દાયકામાં, ભારત સરકારે પ્રયાગરાજમાં રેલવે ના માળખાગત સુવિધાઓ માટે ભંડોળમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ભારતીય રેલવે દ્વારા મહાકુંભની તૈયારીઓમાં ૨ વર્ષોમાં, ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ થી અહીંના હાજર રેલવે સ્ટેશનો ને આરામદાયક, સુવિધાજનક અને આધ્યાત્મિકતા ના જીવંત કેન્દ્રોમાં પરિવર્તિત કર્યા છે.

રેલવે સ્ટેશન જે ફક્ત મુસાફરી અને ટ્રેનોના થોભવાના સ્થળ હતા તે હવે તીર્થયાત્રીઓનું સ્વાગત કરતા પ્રવેશદ્વારમાં ફેરવાઈ ગયા છે. સ્લીપિંગ પોડ્સ, એક્ઝિક્યુટિવ લાઉન્જ અને રિટાયરિંગ રૂમની શરૂઆત સાથે, આ જગ્યાઓ હવે મુસાફરો માટે અનુકૂળ જગ્યાઓમાં પરિવર્તિત થઈ ગઈ છે. રંગીન કોડેડ પેસેન્જર આશ્રયસ્થાનો, રંગીન દિશાત્મક ટિકિટો અને દિશા સૂચકો જેવી સુવિધાઓએ મુસાફરો માટે રૂટ પર નેવિગેટ કરવાનું સરળ બનાવ્યું છે. આનાથી યાત્રાળુઓને પોતાનો રસ્તો શોધવામાં સરળતા રહે છે. આ અદ્યતન સુવિધાઓએ રેલવે સ્ટેશન પર યાત્રાનો અનુભવ વધુ સુખદ બનાવ્યો છે. કોઈ ભક્ત ટ્રેનમાંથી નીચે ઉતરતાની સાથે જ તેની જરૂરિયાતો મુજબની બધી સુવિધાઓ તેને સરળતાથી મળી જાય છે.

### સામાન્ય લોકો માટે નવા આશ્રયસ્થાનો અને બેહતર સેવાઓ

લગભગ એક કરોડ તીર્થયાત્રાળુઓ દરરોજ આવે તેવી અપેક્ષા ને જોતા, આટલી મોટી સંખ્યામાં લોકોને આશ્રય અને સેવાઓ પૂરી પાડવી એ એક મોટું કાર્ય છે. ભારતીય રેલવે એ આ પડકારનો સામનો કરીને ૧૭ નવા પેસેન્જર આશ્રયસ્થાનો નું નિર્માણ અને સ્ટેશનો ને ૧,૧૦,૦૦૦ થી વધુ મુસાફરોની ક્ષમતા વાળું બનાવવામાં આવ્યું છે જે અગાઉ ફક્ત ૨૧,૦૦૦ હતી, વધુમાં, નવા પ્લેટફોર્મના નિર્માણથી કુલ પ્લેટફોર્મની સંખ્યા ૪૮ થઈ ગઈ છે, જે યાત્રાળુઓ માટે વધુ સારી સુવિધા સુનિશ્ચિત કરે છે. મુસાફરો માટે શૌચાલય, પીવાના પાણીની સુવિધા, બાળકોને ખોરાક આપવા માટે પોડ્સ અને તબીબી તપાસ રૂમ જેવી અદ્યતન સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વધુમાં, અવિરત વીજ પુરવઠો અને બેકઅપ સિસ્ટમોએ ઊંચી માંગ હોવા છતાં સરળ પુરવઠો સુનિશ્ચિત કર્યો છે.

### સમાવિષ્ટ અને સુલભ અનુભવો

ભારતીય રેલવેએ બધા માટે મહાકુંભ ૨૦૨૫ ના અનુભવને વધુ આરામદાયક બનાવવા માટે નોંધપાત્ર પ્રગતિ કરી છે. યાત્રી સુવિધા કેન્દ્ર, વ્હીલચેર સેવાઓ ની સાથે "મે આઈ હેલ્પ યુ" બૂથ અને લોજિસ્ટિક્સ ટ્રોલીઓ સાથે ની શરૂઆત મહત્વપૂર્ણ પહેલ છે. પ્રયાગરાજ જંકશન અને છિવકી જેવા મુખ્ય સ્ટેશનો મુસાફરોની સુવિધા માટે ખાસ સજ્જ છે, જે તેમને સરળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ આપે છે. સરકારના ’સુલભ ભારત મિશન’ ને અનુરૂપ, ભારતીય રેલવેએ લિફ્ટ અને એસ્કેલેટર સહિત દિવ્યાંગજન મૈત્રીપૂર્ણ સુવિધાઓની સંખ્યામાં વધારો કર્યો છે. આ પ્રયાસો સમાવેશકતા પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે અને ખાતરી કરે છે કે દરેક વ્યક્તિ (વૃદ્ધોથી લઈને દિવ્યાંગો સુધી) આ પવિત્ર કાર્યક્રમમાં સરળતાથી ભાગ લઈ શકે.

### મહાકુંભ ભવિષ્ય માટે એક માપદંડ બની ગયો છે

પરંપરાને આધુનિકતા સાથે જોડવાના ભારતીય રેલવે ના પ્રયાસોએ એક એવું વાતાવરણ બનાવ્યું છે જે અદ્યતન, આરામદાયક અને આધુનિક સુવિધાઓથી સજ્જ છે. રેલવે, યાત્રાળુઓની મુસાફરીને સરળ બનાવવા ઉપરાંત, તેમના અનુભવને અસાધારણ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ભારતીય રેલવે મહાકુંભ દરમિયાન સુવિધાઓને અપગ્રેડ કરીને આતિથ્યના નવા ધોરણો સ્થાપિત કરી રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### સચિન તેંડુલકરને છોડ્યો પાછળ, ૧૧૫ ટેસ્ટ મેચમાં મેળવી સિદ્ધિ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સ્ટીવ સ્મિથે ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચી દીધો છે. શ્રીલંકા પ્રવાસ પર ઓસ્ટ્રેલિયન ટીમની કેપ્ટનશીપ કરી રહેલા સ્મિથે પહેલી ટેસ્ટ મેચમાં પહેલા દિવસે એક રન દોડતા જ ટેસ્ટ ક્રિકેટમાં પોતાના ૧૦,૦૦૦ રન પૂરા કર્યા છે. તેણે આ ઉપલબ્ધિ ગોલ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા શ્રીલંકા વચ્ચે રમાય રહેલી બે મેચની સિરીઝની પહેલી ટેસ્ટમાં મેળવી છે. સ્મિથે અહીં સુધી પહોંચવા માટે આ ટેસ્ટ પહેલા માત્ર એક રનની જરૂર હતી. તેણે સ્પિનર પ્રભાત જયસૂર્યાના બોલ પર એક રન લઈને ટેસ્ટમાં પોતાના દસ હજાર રન પૂરા કર્યા છે. જમણા હાથના બેટ્સમેન સ્ટીવ સ્મિથ ટેસ્ટમાં દસ હજાર રન બનાવનાર દુનિયાના ૧૫માં જ્યારે ઓસ્ટ્રેલિયાના ચોથા બેટ્સમેન બન્યા છે. આ પહેલા ઓસ્ટ્રેલિયા માટે એલન બોર્ડર, સ્ટીવ વો અને રિકી પોન્ટિંગ ટેસ્ટ ક્રિકેટમાં ૧૦ હજાર રનના આંકડા સુધી પહોંચ્યા હતા. સ્મિથે આ દરમિયાન સચિન તેંડુલકરનો મહારેકોર્ડ પણ તોડ્યો છે. સ્મિથે સૌથી ઓછી મેચમાં ૧૦ હજાર ટેસ્ટ રન પૂરા કરી સંયુક્ત રીતે વિશ્વનો બીજો બેટ્સમેન બની ગયો છે. વિન્ડીઝના દિગ્ગજ બ્રાયન લારાના નામે સૌથી ઓછી મેચમાં ૧૦ હજાર ટેસ્ટ રન બનાવવાનો રેકોર્ડ છે.

### હવે જેહ-તૈમુરની ઝલક નહીં જોઈ શકે ફેન્સ



। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

અભિનેતા સૈફ અલી ખાન પર તાજેતરમાં જીવલેણ હુમલો થયો હતો. ૧૬ જાન્યુઆરીના રોજ એક અજાણ્યો વ્યક્તિ ચોરી કરવાના પ્રયાસમાં તેના બાંદ્રાના ઘરમાં ઘૂસ્યો હતો અને અથડામણ દરમિયાન તેણે અભિનેતા પર છરી વડે અનેક વખત હુમલો કર્યો હતો. આ ઘટનામાં સૈફ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જોકે હોસ્પિટલમાં સારવાર માટે ૫ દિવસ રહ્યા બાદ અભિનેતા પોતાના ઘરે પરત ફર્યો છે. અકસ્માતની ગંભીરતાને જોતા સૈફ અને તેની પત્ની કરીના કપૂરે હવે તેમના પરિવાર માટે સખત નિર્ણય લીધો છે. તેમણે નક્કી કર્યું કે તે તેમના બાળકોને પાપારાઝીથી દૂર રાખશે. સૈફ અને કરીનાએ આ નિર્ણય એટલા માટે લીધો છે કે તેમના બાળકો અને પરિવારની પ્રાઈવસી જળવાઈ રહે. અહેવાલો અનુસાર, સ્ટાર કપલના પીઆર મેનેજરે મંગળવારે પાપારાઝી સાથે મીટિંગ કરી હતી.

### મિત્ર માટે સોનું ગિરવે મુકી લોન લીધી, પૈસા લઈ દોસ્ત ગાયબ થઈ ગયો

। (એજન્સી) બિલાસપુર, તા.૨૯ ।

છત્તીસગઢના બિલાસપુરમાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં દોસ્ત માટે લોનના હપ્તા ન ભરી શકવાના કારણે એક યુવકે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. દીનૂએ આ લોન માટે પોતાનું સોનું ગિરવે મૂક્યું હતું. મૃતક યુવકના ૧૮ ફેબ્રુઆરીએ જ લગ્ન થવાના હતા. પોલીસ આ કેસમાં તપાસ કરી રહી છે અને આત્મહત્યા પાછળના કારણો જાણવામાં લાગી ગઈ છે. આ મામલો કોતવાલી થાના કતિયાપારા વિસ્તારનો છે. ઘટનાની જાણકારી અનુસાર, ૨૯ વર્ષિય વિજય કશ્યપ ઉર્ફ દીનૂ કતિયાપારા વિસ્તારમાં પોતાના ચાર ભાઈ સાથે રહેતો હતો. દીનૂ ભાઈઓમાં સૌથી નાનો હતો. તે ફૂલો વેચવાનું કામ કરતો હતો. દેવાંગન હોસ્ટેલના સંચાલક પુષ્પેન્દ્ર દેવાંગન દીનૂનો દોસ્ત હતો. પુષ્પેન્દ્રને પૈસાની જરૂર પડી હતી. તેને લઈને પુષ્પેન્દ્રએ દીનૂ સાથે અંગે ચર્ચા કરી. તેને લઈને દીનૂએ દોસ્ત પુષ્પેન્દ્રની મદદ માટે એક એપમાંથી લોન લીધી. લોન કંપની સાથે કરાર કર્યો અને દરરોજ હપ્તા ચૂકવવાના હતા. આ લોનના બદલામાં દીનૂએ પોતાનું સોનું ગિરવે મૂક્યું હતું. આ દરમિયાન પુષ્પેન્દ્ર લોનના પૈસા લઈને અચાનક ગાયબ થઈ ગયો. પુષ્પેન્દ્રનો બે મહિનાથી ક્યાંય પત્તો નહોતો. જેના કારણે લોનનો બોજ દીનૂના માથે આવી ગયો.

# પતિ સાથે રહેતી પત્નીના અન્યો સાથે સંબંધ હોય તો જન્મેલું બાળક પતિનું જ ગણાય : સુપ્રીમ કોર્ટ

## મહિલાના લગ્ન ૧૯૮૯માં થયા હતા, ૧૯૯૧માં એક બાળકીનો જન્મ થયો જે બાદ ૨૦૦૧માં એક બાળકનો જન્મ થયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સુપ્રીમ કોર્ટે છેલ્લા બે દસકાથી ચાલી રહેલા એક કેસમાં અંતિમ ચુકાદો આપ્યો હતો. આ કેસ ડીએનએ ટેસ્ટ ના કરાવવા માગતા એક પુરુષની પ્રાઈવસીનો અધિકાર અને ટેસ્ટની માગ કરી રહેલાના ભરણપોષણ અને તેના મૂળ પિતા કોણ છે તે જાણવાના એક પુત્રના અધિકારો વચ્ચેનો હતો. સુપ્રીમ કોર્ટે પ્રાઈવસીના અધિકારને ધ્યાનમાં રાખીને અંતે પુત્રની માગ ઠુકરાવી હતી. સુપ્રીમે પ્રાઈવસી, મહિલાનો અને પુત્રનો અધિકાર એમ ત્રણેય મુદ્દાને ધ્યાનમાં રાખી ચુકાદો આપ્યો હતો. મહિલાના લગ્ન ૧૯૮૯માં થયા હતા, ૧૯૯૧માં એક બાળકીનો જન્મ થયો જે બાદ ૨૦૦૧માં એક બાળકનો જન્મ



થયો હતો. ૨૦૦૩માં મહિલા પતિથી અલગ થઈ ગઈ, બાદમાં વર્ષ ૨૦૦૬માં બન્ને વચ્ચે છૂટાછેડા થઈ ગયા. આ દરમિયાન મહિલાએ નગર પાલિકામાં અરજી કરી અને પોતાના ૨૦૦૧માં જન્મેલા બાળકના પિતાનું નામ બદલવા માગ કરી અને દાવો કર્યો કે તેના મૂળ પિતા કોઈ અન્ય પુરુષ છે. જોકે પાલિકાએ અરજી ઠુકરાવી દીધી. બાદમાં સ્થાનિક કોર્ટમાં અપીલ કરાઈ, કોર્ટે બાયોલોજિકલ પિતાનો ડીએનએ ટેસ્ટ કરાવવા આદેશ આપ્યો, જેને બાયોલોજિકલ પિતાએ હાઈકોર્ટમાં પડકાર્યો.

હાઈકોર્ટે પ્રાઈવસીના અધિકારને માન્ય રાખીને ડીએનએ ટેસ્ટ ના પાડી દીધી. સાથે જ કહ્યું કે પેટરનિટી ટેસ્ટનો આદેશ ત્યારે જ આપી શકાય જ્યારે એ સાબિત થાય કે પતિ-પત્ની વચ્ચે કોઈ સંપર્ક નહોતો. તેથી હાઈકોર્ટના ચુકાદાને બાદમાં પુત્ર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો. જોકે સુપ્રીમ કોર્ટે પણ હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. સુપ્રીમમાં યુવકે દલીલ કરી હતી કે તેના મૂળ પિતા કોણ છે તે જાણવા ડીએનએ ટેસ્ટ જરૂરી છે, આ મારો અધિકાર છે. જોકે જેનો ડીએનએ ટેસ્ટ કરાવવાની માગ થઈ હતી તેણે પુત્રની આ માગનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ડીએનએ ટેસ્ટથી મારી પ્રાઈવેસીનો ભંગ થશે.સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે જ્યારે પુત્રનો જન્મ થયો ત્યારે મહિલા પોતાના પતિ સાથે એક ઘરમાં રહેતી હતી, આ દરમિયાન અન્ય કોઈ પુરુષ સાથે સંબંધથી પણ જો કોઈ બાળકનો જન્મ થાય તો તેવુ ના માની લેવાય કે મહિલા અને તેના પતિ વચ્ચે કોઈ સંબંધ નહોતો. એવુ માની પણ લઈએ કે મહિલા લગ્નેત્તર સંબંધમાં હતી અને તેનાથી જ બાળકનો જન્મ થયો તો પણ આ દલીલ પૂર્ણ નથી. કોઈ એક કે તેથી વધુ સાથે સંપર્ક હોવાથી સાબિત નથી થતું કે મહિલાનો તેના પતિ સાથે કોઈ સંબંધ નહોતો.

### ટ્રિપલ તલાકનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં

# ત્રણ વખત તલાક બોલી દેવાથી તલાક નથી થઈ જતા : સુપ્રીમ કોર્ટ

## આગામી સુનાવણી ૧૭ માર્ચ પછી થશે : કોર્ટે અરજદારોને ત્રણ અઠવાડિયાની અંદર લેખિત જવાબ આપવા માટે કહ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

ટ્રિપલ તલાકનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. બુધવારે સુપ્રીમ કોર્ટમાં આ અંગે જોરશોરથી ચર્ચા થઈ હતી. આ ચર્ચા એ અરજીને લઈને થઈ હતી જેમાં ટ્રિપલ તલાકને લઈને કેન્દ્ર સરકારના કાયદાને પડકારવામાં આવ્યો છે. આ ચર્ચા દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી આ કાયદા અંગે સંપૂર્ણ વિગતો માંગી છે. આ ઉપરાંત ટ્રિપલ તલાકને લઈને દેશભરમાં કેટલી એફઆઈઆર અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે તે જણાવવાનું પણ કહેવામાં આવ્યું છે. આ અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અમે ડેટાની તપાસ કરીશું. કોઈ પણ વકીલ ટ્રિપલ તલાકની પ્રથાની માન્યતાનો બચાવ કરી શકે નહીં. કોર્ટે એમ પણ કહ્યું છે પરંતુ અમારી સામે સવાલ એ છે કે શું તેને ગુનાહિત બનાવી શકાય છે. ખાસ કરીને જ્યારે આ પ્રથા પોતે જ પ્રતિબંધિત છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે એક જ વારમાં ત્રણ વાર તલાક બોલીને કોઈ વ્યક્તિ કોઈની પાસેથી તલાક લઈ શકે નહીં. હવે આ મામલામાં આગામી સુનાવણી ૧૭ માર્ચ પછી થશે. કોર્ટે અરજદારોને ત્રણ અઠવાડિયાની અંદર લેખિત જવાબ આપવા માટે પણ કહ્યું છે. આ કેસની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) સંજીવ ખન્નાએ કહ્યું કે પતિ-પત્ની વચ્ચેનો સંબંધ ચાલુ રહે છે, તે સમાપ્ત થતો નથી, આ પ્રક્રિયા અપરાધ છે. શીખ, જૈન, બૌદ્ધ વગેરે હિંદુ લગ્ન એક્ટ હેઠળ આવે છે. અમારી પાસે વૈધાનિક કૃત્યો છે. મને નથી લાગતું કે કોઈ પણ વકીલ ટ્રિપલ તલાકની પ્રથાને સમર્થન આપશે પરંતુ આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે શું તેને ફોજદારી બનાવી શકાય છે, જ્યારે આ પ્રથા પર પ્રતિબંધ છે અને એક જ વારમાં ત્રણ વાર તલાક બોલીને છૂટાછેડા મેળવી શકાતા નથી. કેસની સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આવી તમામ અરજીઓનો વિરોધ કર્યો હતો. તેણે કહ્યું કે ટ્રિપલ તલાક માત્ર મૌખિક જ નથી પણ સંબંધ તોડી નાખે છે, તમે કહો કે બીજી મિનિટથી તમે મારી પત્ની નથી. આ એક દુર્લભ બંધારણીય સુધારો છે. મહત્વનું છે કે, સુપ્રીમ કોર્ટ હાલમાં ટ્રિપલ તલાક પર કેન્દ્ર સરકારના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે, આ કાયદા દ્વારા સરકારે ટ્રિપલ તલાકને અપરાધના દાયરામાં લાવીને ત્રણ વર્ષની જેલની જોગવાઈ કરી છે.

### UK કંપનીઓએ કામ કરાવવાનું નક્કી કર્યું છે

# કર્મચારીઓ માટે ખુશખબર, ચાર દિવસ કામ કરો અને 3 દિવસ મોજ

। (એજન્સી) લંડન, તા.૨૯ ।

ભારતમાં કામના કલાકોને લઈને ભૂતકાળમાં ઘણી ચર્ચા થઈ છે. તેની પાછળનું કારણ કેટલીક કંપનીઓના ટોચના મેનેજમેન્ટના નિવેદન હતા, જે કર્મચારીઓને શક્ય તેટલા કલાકો કામ કરવા માટે કહી રહ્યા હતા. જેમાં દિવસમાં ૧૫ થી ૧૭ કલાક કામ કરવા જેવી બાબતો કહેવામાં આવી હતી. સ્વાભાવિક છે કે તેની ભારે ટીકા થઈ. અઠવાડિયામાં ૪ દિવસ કામ કરવાની અને વર્ક-લાઈફ બેલેન્સ માટે ૩ દિવસની રજા લેવાની માંગ વચ્ચે UKમાંથી એક અદ્ભુત સમાચાર આવ્યા છે. UKની ૨૦૦ કંપનીઓએ તેમના કર્મચારીઓને અઠવાડિયામાં ૪ દિવસ કામ કરાવવાનો નિર્ણય લીધો છે. અઠવાડિયામાં કામના કલાકો કે દિવસો ઓછા હોવા એ મોટી રાહત છે. લોકો ખુદ માટે અને પોતાના પરિવાર માટે સમય કાઢી શકે છે. ભાગદોડ જીવનથી થોડો સમય આરામ કરી શકીએ છીએ. UKની આ કંપનીઓએ તેમના કર્મચારીઓને વધુ સારા જીવન માટે અઠવાડિયામાં ૪ દિવસ કામ



કરાવવાનું નક્કી કર્યું છે. UKની આ ૨૦૦ કંપનીઓ તેમના કર્મચારીઓને દર અઠવાડિયે ૩ દિવસની રજા આપશે અને આ માટે તેઓ કામમાં કોઈ ઘટાડો નહીં કરે. ધ ગાર્ડિયનના અહેવાલમાં જણાવાયું છે કે, આ ૨૦૦ કંપનીઓમાં કુલ ૫,૦૦૦થી વધુ લોકો કામ કરે છે. આમાંની મોટાભાગની કંપનીઓ ચેરિટી, માર્કેટિંગ અને ટેક્નોલોજી કંપનીઓ છે. ૪ દિવસની વર્કિંગ પેટર્નને સમર્થન કરનારાઓ માને છે કે ૫ દિવસની કાર્ય પદ્ધતિ જૂના સમય માટે સારી હતી. ત્યારે લોકોને ન તો કામના સ્થળે પહોંચવા માટે લાંબા અંતરની મુસાફરી કરવી પડતી હતી અને ન તો આટલો તણાવ હતો.



પીએમ મોદીએ દિલ્હીના કરતાર નગરમાં એક રેલીને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે AAP નેતાઓની સરખામણી સીરિયલ કિલર ચાર્લ્સ શોભરાજ સાથે કરી હતી, જે લોકોને છેતરવા માટે કુખ્યાત હતા.

# મૌની અમાવસ્યા પર અભિનેત્રી હેમા માલિનીએ સંગમમાં કર્યું પવિત્ર સ્નાન

।(એજન્સી) પ્રયાગરાજ, તા. ૨૯।

હિન્દી સિનેમાની પ્રખ્યાત અભિનેત્રી અને બીજેપી સાંસદ હેમા માલિની ૨૯ જાન્યુઆરીએ પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં પહોંચ્યા હતા. તેમણે બુધવારે મૌની અમાવસ્યાના શુભ દિવસે ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું હતું. મહાકુંભમાં પહોંચીને પવિત્ર સ્નાન કર્યા બાદ અભિનેત્રીએ તેને પોતાનો ભાગ્યશાળી અવસર ગણાવ્યો. આ દરમિયાન જૂના અખાડાના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી અવધેશાનંદ ગિરી મહારાજ અને યોગ ગુરુ બાબા રામદેવ પણ હાજર રહ્યા હતા, અહેવાલ અનુસાર હેમા માલિનીએ કહ્યું કે ‘મારું સૌભાગ્ય છે કે મને આટલા મોટા પ્રસંગે અહીં મહાસ્નાન કરવાની તક મળી, મને ખૂબ સારું લાગ્યું. આટલા કરોડો લોકો અહીં આવ્યા છે અને મને પણ સ્નાન કરવાની જગ્યા મળી. ઉલ્લેખનીય છે કે મહાકુંભ મેળામાં બીજું શાહી સ્નાન ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યાના દિવસે થવાનું હતું. દરમિયાન રાત્રિના ૧ વાગ્યાના સુમારે મેળામાં નાસભાગ મચી ગઈ હતી. મૌની અમાવસ્યાના મહાકુંભમાં લાખો ભક્તો એકઠા થઈ રહ્યા છે, જેના કારણે નાસભાગ મચી ગઈ છે.

### મહાકુંભમાં શંકરાચાર્યોએ કર્યું અમૃત સ્નાન

# ૧૩ અખાડાના સંતોએ લગાવી ડૂબકી, હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯ ।

મહાકુંભમાં ગઈકાલે મોડી રાત્રે નાસભાગ બાદ સ્થિતિ કાબૂમાં આવી હોવાનું સત્તાધીશોએ જણાવ્યું છે. તેમજ સંગમ ઘાટ પર સ્થગિત કરાયેલુ અમૃત સ્નાન ફરી શરૂ થયુ છે.

દેશના જગદગુરૂ શંકરાચાર્યોએ અમૃત સ્નાન કર્યું છે. સંગમ તરફ જઈ રહેલા અખાડાઓ, સાધુ-સંતો પર પુષ્પ વર્ષા થઈ રહી છે. એક પછી એક ૧૩ અખાડા ગંગામાં ડૂબકી લગાવી રહ્યા છે. હેલિકોપ્ટર દ્વારા સાધુ-સંતો પર પુષ્પવર્ષા કરાઈ હતી. મહાકુંભમાં સ્નાન કરતાં પહેલાં જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું હતું કે, દેશના ત્રણેય શંકરાચાર્ય આજે અહીં પવિત્ર સ્નાન કરવા જઈ રહ્યા છે. અમે જનતા માટે આશીર્વાદનો ધોધ વહાવી રહ્યા છીએ. મૌની અમાસ નિમિત્તે પાંચ કરોડ લોકોએ આસ્થાની ડૂબકી લગાવી છે. ૧૩ જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભમાં અત્યારસુધીમાં લગભગ ૨૦ કરોડ લોકોએ ગંગામાં



સ્નાન કર્યું છે. નાસભાગની ઘટના અંગે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ મહારાજે કહ્યું કે, ગઈકાલે મોડી રાત્રે બનેલી ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે અને તેના માટે સૌ દુઃખી છે, પરંતુ ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે આપણે સાવચેત રહેવું જોઈએ. હું ભક્તોને ધીરજ રાખવા અને કુંભ ક્ષેત્રમાં વિવિધ ઘાટ પર પવિત્ર સ્નાન કરવા અપીલ કરું છું. એવી કોઈ ચોક્કસ જગ્યા નથી જ્યાં ભક્તોએ સ્નાન કરવા માટે ભેગા થવું જોઈએ. એક જ જગ્યાએ સ્નાન કરીએ તેવો કોઈ આગ્રહ રાખવાની જરૂર નથી. જ્યાં સ્નાન કરશો ત્યાં તમને કુંભ ફળ પ્રાપ્ત થશે. આધ્યાત્મિક નેતા સ્વામી કૈલાશાનંદ ગિરીએ કહ્યું કે, આજે અમે ગંગા પૂજન કર્યું. લોકોની શાંતિ અને સમૃદ્ધિ માટે પૂજા કરી. હું ઉત્તરપ્રદેશના વહીવટીતંત્ર અને મુખ્યમંત્રીનો સ્નાન માટે કરેલી બધી વ્યવસ્થા માટે આભાર માનું છું.

### જેટલા કમાશે તેટલા સીધા ખિસ્સામાં

# ઈન્કમટેક્સ સાવ નાબૂદ કરવાની તૈયારીમાં અમેરિકા!

## અમેરિકામાં ફરી એકવાર ડોનાલ્ડ ટ્રમ્પ પ્રેસિડેન્ટ બનતા જ ઇન્કમ ટેક્સ સંપૂર્ણ રીતે નાબૂદ કરવાની પોતાની વાત પર ભાર મૂક્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

અમેરિકામાંથી ઈનકમ ટેક્સ સમાપ્ત થઈ શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈનકમ ટેક્સ સમાપ્ત કરીને તેની જગ્યાએ ટેરિફ લાદવાની તરફેણ કરી છે. ટ્રમ્પની સાથે યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસને પણ ઈનકમ ટેક્સ નાબૂદ કરવાની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો છે. ટ્રમ્પે ૨૭ જાન્યુઆરીએ ફ્લોરિડાના ડોરલમાં આયોજીત ૨૦૨૫ રિપબ્લિકન ઈશ્યૂઝ કોન્ફરન્સમાં પોતાનો મહત્વાકાંક્ષી કાયદાકીય એજન્ડા રજૂ કરતી વખતે કહ્યું કે, “આ સમય છે કે અમેરિકા તે પ્રણાલીમાં પરત ફરે જેને આપણને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવ્યા છે.” ટ્રમ્પે સૂચન કર્યું કે અમેરિકા વિદેશી નાગરિકો પર ટેરિફ અને ટેક્સ લગાવીને પોતાની સમૃદ્ધિ વધારી શકાય છે. ટ્રમ્પે કહ્યું, “અમેરિકા ટૂંક સમયમાં ખૂબ જ સમૃદ્ધ બનવાનું છે. ૧૯૧૩ પહેલા અમેરિકામાં કોઈ ઈનકમ ટેક્સ નહોતો અને ભૂતકાળમાં ટેરિફ સિસ્ટમ આપણને સમૃદ્ધ બનાવતી હતી.” તેમણે દાવો કર્યો હતો કે, ટેરિફને કારણે અમેરિકાએ ૧૮૭૦ થી ૧૯૧૩ વચ્ચેનો સૌથી સમૃદ્ધ સમય જોયો. તેમણે ૧૮૮૭ ના “ગ્રેટ ટેરિફ કમિશન” નો ઉલ્લેખ કરતા કહ્યું કે, “તે સમયે અમેરિકા એટલું સમૃદ્ધ હતું કે સરકારને પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો તે નક્કી કરવા માટે એક કમિશન બનાવવું પડ્યું હતું.” ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, “વિદેશી રાષ્ટ્રો પર ટેરિફ અને ટેક્સ લગાવીને આપણે આપણા નાગરિકોને સમૃદ્ધ બનાવવા જોઈએ.” તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, વિદેશી પ્રોડક્ટ્સ પર ટેક્સ લગાવીને અમેરિકાએ પોતાની આર્થિક સ્થિતિ મજબૂત કરવી જોઈએ. યુએસ સેનેટ દ્વારા ટ્રેઝરી સેક્રેટરી તરીકે પુષ્ટિ મળ્યા પછી તરત જ, સ્કોટ બેસેંટે અમેરિકામાં ઈનકમ ટેક્સ સમાપ્ત કરવાની પણ વાત કરી. X પરની એક પોસ્ટમાં તેમણે લખ્યું કે, “ટ્રેઝરી સેક્રેટરી તરીકે, હું ઈનકમ ટેક્સ નાબૂદ કરવા, તેને નિષ્પક્ષ ઉપભોગ કર સાથે બદલવા અને સોના પર આધારિત ચલણ અપનાવવા માટે પ્રતિબદ્ધ છું. આપણે દેવું દૂર કરીશું, નાણાકીય પ્રાઈવેસી પુનઃસ્થાપિત કરીશું અને સમૃદ્ધ ભવિષ્ય માટે નવી ટેકનોલોજીઓ અનલૉક કરીશું.

## તંત્રી લેખ...

# ટ્રમ્પે ભારતના બે પડોશી દેશને આપ્યો ઝટકો

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ બન્યા બાદ ભારત-અમેરિકાની ગાઢ મિત્રતા જોવા મળી રહી હોય તેવો ફરી નવો અહેવાલો સામે આવ્યો છે. વાસ્તવમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે. આ ઉપરાંત બાંગ્લાદેશ વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. બાંગ્લાદેશમાં શેખ હસીને ઉથલાવી સત્તા પર કબજે કરનાર મોહમ્મદ યૂનુસ સરકાર ભારત વિરુદ્ધ અનેક નિર્ણયો લઈ ચુક્યા છે. જોકે પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરકારે ભારત સામે પડવું ભારે પડ્યું હોય તેવી વાત સામે આવી છે. વાસ્તવમાં ડોનાલ્ડ ટ્રમ્પે બાંગ્લાદેશી સરકારને અપાતી તમામ આર્થિક સહાય બંધ કર્યા બાદ હવે પાકિસ્તાન સામે પણ આવો નિર્ણય લીધો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આદેશ અપાયા બાદ અમેરિકાએ પાકિસ્તાનને અપાતી તમામ સહાયતા અસ્થાયી રૂપે અટકાવી દીધી છે. બજેટની દેખરેખ રાખતા ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (OMB)એ એક આદેશમાં કહ્યું છે કે, ‘અમેરિકા દ્વારા પાકિસ્તાને કરાતી તમામ આર્થિક મદદો અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિની પ્રાથમિકતાઓ મુજબ સુનિશ્ચિત થયા બાદ જ આ આર્થિક મદદ શરૂ કરવામાં આવશે. અમેરિકાના રાષ્ટ્રપતિના આ નિર્ણય બાદ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. ટ્રમ્પ તંત્રએ વિદેશને કરાતી આર્થિક મદદ પર ૯૦ દિવસ સુધી પ્રતિબંધ લાદી દીધો છે, જેમાં બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે. અમેરિકાએ મંગળવારથી જ અમેરિકાની આંતરરાષ્ટ્રી વિકાસ એજન્સી હેઠળના દેશોને HIV, મેલેરિયા અને ટ્યુબરક્યુલોસિસ માટેની દવાઓ તેમજ નવજાત શિશુઓ માટે તબીબી પુરવઠાના વિતરણને અટકાવી દેવાનો નિર્ણય લીધો છે. ઈસ્લામાબાદ સ્થિત અમેરિકી દૂતાવાસના જણાવ્યા મુજબ, અમેરિકાની આર્થિક મદદનો ઐતિહાસિક ઈમારતો, પુરાતત્વીય સ્થળો અને સંગ્રહાલયોને સુરક્ષિત રાખવામાં ઉપયોગ કરાતો હતો. અમેરિકાના નિર્ણયને કારણે પાકિસ્તાનમાં ઊર્જા ક્ષેત્રના પાંચ પ્રોજેક્ટ પણ અટકી ગયા છે. આ ઉપરાંત અમેરિકાએ પાકિસ્તાની સેનાને અપાતી આર્થિક મદદ પણ બંધ કરી દીધી છે. જો કે, પાકિસ્તાની અધિકારીઓએ હજુ સુધી ટ્રમ્પના આદેશ બાદ પાકિસ્તાનને થનારી અસરની પુષ્ટિ કરી નથી.

## કેબિનેટે ગ્રીન ટેક્નોલોજી માટે મહત્વપૂર્ણ ખનિજ સંસાધનો માટે એક સ્થિતિસ્થાપક મૂલ્ય શૃંખલા બનાવવા માટે ‘નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન’ને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે રૂ. ૧૬૩૦૦ કરોડના ખર્ચ અને જાહેર ક્ષેત્રના સાહસો વગેરે દ્વારા રૂ. ૧૮૦૦૦ કરોડના રોકાણ સાથે રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશન (NCMM)ના લોન્ચને મંજૂરી આપી છે. આત્મનિર્ભર ભારત પહેલના ભાગ રૂપે, અને ઉચ્ચ તકનીકી ઉદ્યોગો, સ્વચ્છ ઊર્જા અને સંરક્ષણમાં મહત્વપૂર્ણ ખનિજોની અનિવાર્ય ભૂમિકાને માન્યતા આપતા, ભારત સરકારે છેલ્લા બે વર્ષમાં મહત્વપૂર્ણ ખનિજ ક્ષેત્રમાં પડકારોનો સામનો કરવા માટે ઘણી પહેલો હાથ ધરી છે. મહત્વપૂર્ણ ખનિજ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા માટે અસરકારક માળખું સ્થાપિત કરવાની જરૂર છે. આ દ્રષ્ટિકોણને અનુરૂપ, નાણામંત્રીએ ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ ૨૦૨૪-૨૫ના કેન્દ્રીય બજેટમાં ક્રિટિકલ મિનરલ મિશનની સ્થાપનાની જાહેરાત કરી હતી. કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલ રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશન, મૂલ્ય શૃંખલાના તમામ તબક્કાઓને આવરી લેશે. જેમાં ખનિજ સંશોધન, ખાણકામ, લાભ, પ્રક્રિયા અને ઉત્પાદનોનાં અંત સુધીમાંથી પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે. આ મિશન દેશની અંદર અને તેના અપતટીય વિસ્તારોમાં મહત્વપૂર્ણ ખનિજોના સંશોધનને વધુ તીવ્ર બનાવશે. તેનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ ખનિજ ખાણકામ પ્રોજેક્ટ્સ માટે ઝડપી નિયમનકારી મંજૂરી પ્રક્રિયા બનાવવાનો છે. વધુમાં, આ મિશન મહત્વપૂર્ણ ખનિજ સંશોધન માટે નાણાકીય પ્રોત્સાહનો પ્રદાન કરશે અને ભારણ અને અવશેષમાંથી આ ખનિજોની પુનઃપ્રાપ્તિને પ્રોત્સાહન આપશે. આ મિશનનો ઉદ્દેશ્ય ભારતીય PSUs અને ખાનગી ક્ષેત્રની કંપનીઓને વિદેશમાં મહત્વપૂર્ણ ખનિજ સંપત્તિ પ્રાપ્ત કરવા અને સંસાધનથી સમૃદ્ધ દેશો સાથે વેપાર વધારવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. તે દેશની અંદર મહત્વપૂર્ણ ખનિજોના ભંડારના વિકાસનો પણ પ્રસ્તાવ મૂકે છે. આ મિશનમાં ખનિજ પ્રક્રિયા પાર્ક સ્થાપવા અને મહત્વપૂર્ણ ખનિજોના રિસાયક્લિંગને ટેકો આપવા માટેની જોગવાઈઓ શામેલ છે. તે મહત્વપૂર્ણ ખનિજ તકનીકોમાં સંશોધનને પણ પ્રોત્સાહન આપશે અને મહત્વપૂર્ણ ખનિજો પર શ્રેષ્ઠતા કેન્દ્ર સ્થાપવાનો પ્રસ્તાવ મૂકશે. સંપૂર્ણ સરકારી અભિગમ અપનાવીને, મિશન તેના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે સંબંધિત મંત્રાલયો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, ખાનગી કંપનીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે નજીકથી કામ કરશે. ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭, ૨૦૨૩માં મહત્વપૂર્ણ ખનિજોના સંશોધન અને ખાણકામને વધારવા માટે સુધારો કરવામાં આવ્યો છે. પરિણામે, ખાણ મંત્રાલયે વ્યૂહાત્મક ખનિજોના ૨૪ બ્લોકની હરાજી કરી છે. વધુમાં, ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI) એ છેલ્લા ત્રણ વર્ષમાં મહત્વપૂર્ણ ખનિજો માટે ૩૬૮ સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે, જેમાં FS ૨૦૨૪-૨૫માં ૧૯૫ પ્રોજેક્ટ્સ હાલમાં ચાલી રહ્યા છે. વધુમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, GSI વિવિધ મહત્વપૂર્ણ ખનિજો માટે ૨૨૭ પ્રોજેક્ટ્સ હાથ ધરવા જઈ રહ્યું છે. નવીનતાને પ્રોત્સાહન આપવા માટે, મંત્રાલયે ૨૦૨૩માં વિજ્ઞાન અને ટેકનોલોજી - સ્ટાર્ટ-અપ્સ અને સ્જીસ્ઈજમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન (S&T PRISM) કાર્યક્રમ શરૂ કર્યો, R&D અને વ્યાપારીકરણ વચ્ચેના અંતરને દૂર કરવા માટે સ્ટાર્ટ-અપ્સ અને MSMEsને ભંડોળ પૂરું પાડ્યું. વધુમાં, ખાણ મંત્રાલયના સંયુક્ત સાહસ, KABIL, લિથિયમના સંશોધન અને ખાણકામ માટે આર્જેન્ટિનાના કેટામાર્કા પ્રાંતમાં લગભગ ૧૫૭૦૩ હેક્ટર વિસ્તાર હસ્તગત કર્યો છે. ભારત સરકારે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં મોટાભાગના મહત્વપૂર્ણ ખનિજો પરની કસ્ટમ ડ્યુટી પહેલાથી જ નાબૂદ કરી દીધી છે. આનાથી દેશમાં મહત્વપૂર્ણ ખનિજોની ઉપલબ્ધતા વધશે અને ઉદ્યોગોને ભારતમાં પ્રક્રિયા સુવિધાઓ સ્થાપિત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પહેલ મહત્વપૂર્ણ ખનિજ પુરવઠો સુરક્ષિત કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

**આજે ગાંધીજીને સૌ કોઈ પોતાની રીતે શ્રદ્ધાંજલિ આપશે, એને યાદ કરીને કઈ કેટલાયે પ્રોગ્રામો થશે, તેની પ્રતિમા અને તેની તસવીરો ઉપર હાર ચડશે**

# ચાલો ગાંધી નિર્વાણ દિને એમના અગિયાર મહાવ્રત પાળવાનો સંકલ્પ કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આજના સાંપ્રત સમાજમાં જાણે ગાંધી નિંદા એ ફેશન બની ગઈ હોય એમ સૌ કોઈ એને અભદ્ર શબ્દથી પ્રયોજે છે, એણે બંધારણમાં આ જોગવાઈ કરી નહોત તો, ને આમ તેમ વગેરે, પરંતુ ચરિત્રની દ્રષ્ટિએ આટલું શુદ્ધ અને સાત્વિક ચરિત્ર એ પછી ભારતીય સંસ્કૃતિમાં જોવા મળ્યું નથી.**

આજે ૩૦ જાન્યુઆરી, ગાંધી નિર્વાણ દિન, અને સૌને બહુ સ્વાભાવિક રીતે ઈતિહાસની એ ગોઝારી ઘટના યાદ આવી જાય. ૧૯૪૮ની સાલની ૩૦ જાન્યુઆરીનો દિવસ સાંજના ૦૫:૧૭ નો સમય, અને દિલ્હીના બિરલા હાઉસના કમ્પાઉન્ડમાં બનેલી એ ઘટના દરેક ભારતીયને આજે પણ કંપાવી જાય છે. એ બતાવે છે કે તેમની માટે રાષ્ટ્રપિતા ગાંધીજીનું શું મૂલ્ય હતું! દરેક કાળમાં માનવી એ સમયની જરૂરિયાતને સમજીને અમુક નિર્ણયો લેતો હોય છે, અને આગળ જતાં એ મૂલ્યો બદલાઈ જાય, એટલે એ વ્યક્તિ સાચી ખોટી સાબિત થતી હોય છે. તેમ તે સમયને લઈને પણ અમુક દ્વિધાઓ આજે આપણને દેખાય. આજના સાંપ્રત સમાજમાં જાણે ગાંધી નિંદા એ ફેશન બની ગઈ હોય એમ સૌ કોઈ એને અભદ્ર શબ્દથી પ્રયોજે છે, એણે બંધારણમાં આ જોગવાઈ કરી નહોત તો, ને આમ તેમ વગેરે. પરંતુ ચરિત્રની દ્રષ્ટિએ આટલું શુદ્ધ અને સાત્વિક ચરિત્ર એ પછી ભારતીય સંસ્કૃતિમાં જોવા મળ્યું નથી. ભારતીય શું કામ આખા વિશ્વમાં આટલું શુદ્ધ અને સાત્વિક ચરિત્ર એ પછી કોઈનું થયું નથી. આજે ગાંધીજીને સૌ કોઈ પોતાની રીતે શ્રદ્ધાંજલિ આપશે, એને યાદ કરીને કઈ કેટલાયે પ્રોગ્રામો થશે, તેની પ્રતિમા અને તેની તસવીરો ઉપર હાર ચડશે, રાજનેતાઓ મોટા મોટા ભાષણો કરશે, પણ એથી શું ગાંધી ચરિત્ર કે તેના જીવનનું મૂલ્ય થઈ શકે ખરું? એવો કોઈ પ્રશ્ન થાય, અથવા તો એવો પ્રશ્ન થાય કે આજના સાંપ્રત સમયમાં ગાંધી પર્યાપ્ત છે? તો જવાબ છે,કે શું કામ નહીં! અત્યારે આપણે એ જ પરિસ્થિતિનો શિકાર બન્યા છીએ, અને જો આપણે આ પરિસ્થિતિમાંથી બહાર આવવું હોય તો ગાંધી મુલ્યો જ આપણેને રાહ ચીંધી શકે. ગાંધીજીનાં અગિયાર મહાવ્રત જેને આપણે પ્રાર્થનાનાં માધ્યમથી પણ જોઈ શકીએ, અને એ રીતે ગાંધી બાપુએ આપણને જીવનની સૌથી સરળ રીત શીખવી છે. સમસ્ત જગતના જન સમુદાયના શ્રેય માટે કે પછી એના ઉત્થાન માટે કંઈક યોગ્ય સ્થાને પોકાર કરવામાં આવે કે રજૂઆત કરવામાં આવે તો, એને પ્રાર્થના કહેવાય છે. આજે જ્યારે આપણે આપણી જાતના ગુલામ બનતા જઈએ છીએ, ત્યારે ફરી ગાંધી બાપુને યાદ કરી એમની ૧૧ મહાવ્રતની ટૂંકી પ્રાર્થના વિશે વાત કરીશું, અને જે વ્રત સમાજના દરેકે દરેક વ્યક્તિએ સમજીને જીવનમાં અપનાવવા જેવા છે. રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજીઃ સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોઈતું ન સંઘરવું, અને જાત મહેનત, કોઈ અડે ન અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવાં, એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દ્રઢ આચરવા...! આ ઈશ્વર આગળ નહીં પણ જન સમુદાય આગળ કરવાની પ્રાર્થના છે, અને આપણા અત્યારના સમાજને આ વ્રત પાળવાની તાતી જરૂર છે. આમ તો આ એક એક વ્રત પર એક એક ચિંતન થઈ શકે,(૧) સત્યનો સીધા સાદો અર્થ કરીએ તો સત્ય એટલે કે સાચું બોલવું પરંતુ અહીં માત્ર વાણીના સત્ય પૂરતું મર્યાદિત ન રહેવું, અને સાચા ખોટાનો ભેદ સમજી સાચાનું આચરણ કરવું, એટલે કે નીતિ પૂર્વક જીવવું.(૨) અહિંસા એટલે જીવદયા રાખવી અને ખોટી હિંસા કરવી નહીં. એમાં પણ સૂક્ષ્મ અર્થ કરીએ, તો કોઈનું દિલ દુભાય એને હિંસા કહેવામાં આવે છે, તો આપણા વ્યવહારમાં બને એટલી વિનમ્રતા રાખવી. (૩) ચોરી ન કરવી, એટલે કોઈ વસ્તુ ચોરી લેવી નહીં ! પરંતુ જે આજકાલ બધાં જ કરે છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં આ કાર્ય જુદા જુદા મૂલ્યોથી થાય છે, અને એમાં પણ પ્રજ્ઞા ચોરી એટલે કે કોઈની વાત પોતાના નામે કરી લેવી, એનો અત્યારે સૌથી વધુ વ્યાપ છે.(૪) વણ જોઈતું નવ સંઘરવું, અપરિગ્રહ, જે પણ આજકાલ બહુ જરૂરી છે, પરંતુ થતું નથી. જરુર હોય કે ન હોય, નવી નવી ખરીદી થયે જ રાખે છે, અને જૂનું આપી દેવું, એવું પણ થતું નથી! હશે દેશકાળ પ્રમાણે... પણ મન નામની અદ્રશ્ય ઈન્દ્રિયોમાં પણ આપણે જે વણ જોઈતું કેટલુંય સંઘરેલું છે, એમાંથી થોડા આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, ઈર્ષા, નિંદા, મમતા, માયા, લાલચ, લોભ, આ બધું વગર કારણે સંકળાયેલું છે, એનો થોડો થોડો નિકાલ કરીએ તો અંદર નવી વાત સમજવાનો કે સ્વીકારવાનો અવકાશ રહે. (૫)બ્રહ્મચર્ય આ શબ્દની ગરીમા અને તેનો વ્યાપ ખૂબ જ છે, એને માત્ર કામના પૂરતી તરીકે જોવામાં આવે છે, એ ખોટું છે. સીધો સાદો અર્થ બ્રહ્મ જેવું આચરણ એટલે બ્રહ્મચર્ય! એવો અર્થ આપણાથી શું કામ ન થાય! સંસારીઓ વાત વાતમાં પોતાની ઈચ્છા સ્વરૂપે થતી કામના પૂર્તીની વાતોને ભૂલીને અન્યનાં ભલાં માટે વિચારે તો, એને પણ બ્રહ્મ જેવું આચરણ કહી શકાય. કારણકે કામ અને રામ બંને દેવ છે, અને બંનેની પોતપોતાના સ્થાને મહત્તા પણ છે. પરંતુ આખો દિવસ કામ નાં ગાણા ગાયે નહીં અને રામની જેમ અન્યના ભલા માટે વિચારે તો એનું આચરણ બ્રહ્મચર્ય છે, અને દેશકાળ પ્રમાણે આવાં શબ્દના નવા નવા સંશોધન થવા જોઈએ.(૬) જાતે મહેનત, સ્વાવલંબીપણું પોતાના કામ પોતાની જાતે કરવા, અથવા પરિશ્રમ કે કે પુરુષાર્થ ને મહત્વ આપવું. કારણ કે બેઠાડું જીવન શરીર સ્વાસ્થય અને મન સ્વાસ્થય બંને બગાડે છે. (૭) કોઈ અડે ન અભડાવું, અસ્પૃશ્યતા નિવારણ, જે હવે બહુ જવલ્લે જ જોવા મળે છે, અને કહેવું પડે કે એ બાબત આપણે ક્રાંતિ કરી છે, એ ગર્વ કરવા જેવી વાત છે. (૮) અભય. અધ્યાત્મમાં આ પદ માટે બહુ બધી સાધના કરવી પડે છે, એટલે સ્વાભાવિક રીતે જ લોકમાનસમાં રામના દર્શન કરી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ પદ પ્રાપ્ત કર્યું હશે. પરંતુ આપણી કદાચ ત્યાં સુધીની ઓકાત નથી, છતાં એકાંતમાં ડર લાગે અથવા તો ક્ષોભ થાય, એવાં કાર્ય,વ્યવહાર કે વર્તનથી પર રહીએ તો, ભય ઓછો લાગે, અને એ રીતે પણ અભય સુધી પહોંચી શકાય. (૯) સ્વદેશી, ગાંધીજીએ આટલા વર્ષો પહેલા પણ આ વાત પર ભાર મૂક્યો હતો, અને આજે તો બ્રાન્ડની બોલબાલામાં આપણે સ્વદેશી કે વિદેશી એ કંઈ જોતાં જ નથી. આપણા દેશનું આર્થિક તંત્ર મજબૂત રહે એ માટે થઈને વધુમાં વધુ સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ કારણ કે જરૂરિયાતને નામે આપણે હવે એટલો બધો ખર્ચ કરતા થઈ ગયા છીએ કેટલા રૂપિયા અન્ય દેશમાં જશે તો એ લાંબી ગાળે બહુ ખરાબ પરિણામ આપશે. (૧૦) સ્વાદ ત્યાગ, અથવા અસ્વાદ. આ સ્વાદ નામની આપણી વૃત્તિ દિવસે ને દિવસે એટલી પ્રબળ થતી જાય છે કે આપણે ન ખાવાનું ખાતા થઈ ગયા છીએ, ન પીવાનું પીતા થઈ ગયા છીએ, જે શારિરીક સ્વાસ્થ્ય માટે તો ખરાબ છે જ, પણ એનાથી માનસિક સ્વાસ્થ્ય પણ ખરાબ થાય છે. આપણે ત્યાં અન્ય તેવો ઓડકાર એવી પણ એક વાત આવી છે, અને એટલે જ અત્યારના સમાજની માનસિકતા વ્યાભિચાર અને ભ્રષ્ટાચારમાં ચરમસીમાએ છે, એમ કહી શકાય. બીજું સ્વાદ છે એ સ્વાર્થ કરવા પ્રેરે છે સ્વાદ નામની વૃત્તિ પ્રબળ બને ત્યારે પોતાને ગમતો સ્વાદ ન મળે તો એ ગમે તે કરી શકે, અને એ સ્વાર્થી માનસિકતા વધારે છે. (૧૧) સર્વ ધર્મ સરખા ગણવા. ઉપર વાત કરી તેમ બધા જ ધર્મને માન સન્માન આપવું, પણ આપણું મૂળ ભૂલવું નહીં. નિંદાસ સ્તુતિ કે પ્રશંસાથી ઉપર ઉઠવાની વાત છે અને બધા જ સારા છે એવો ભાવ મનમાં કેળવવાથી, વગર કારણે થતી સરખામણીના દુષણથી મુક્ત રહી શકાય. આપણાં અંતર આત્મામાં ઝાંકવાનો સમય આવી ગયો છે, અને પૂર્વની ઝળહળતી સંસ્કૃતિનો ઉદય ઈચ્છતા હોઈએ, તો એરણ પર આપણી જાતને આપણે જ ટીપવી પડશે! સમાજની વધુ દુર્દશા થાય એ પહેલાં આપણે સૌ આપણા જીવન મુલ્યને સમજી શકીએ. જય હિન્દ

**રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે કૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે**

# ૭૭મા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને અને ત્રીજા શાહી સ્નાનમાં દિવંગત આત્માને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી, તેમ કરવું કઠણ છે, એક સમયે એક બાપ-દીકરો વોડા ને લઈ જતા હતા, દીકરાએ કહ્યું કે, બાપા, તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ, બાપ ઘોડા ઉપર બેઠો, આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા, કહે, બાપ કેવો નિર્દય છે! નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે, આ સાંભળી પિતાએ પુત્રને કહ્યું, બેટા, તું થોડા ઉપર બેસ, હવે હું ચાલીશ.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં,નહીં તો દુઃખી થશો. આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી. આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી,તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો વોડા ને લઈ જતા હતા. દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો, હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે, બાપ કેવો નિર્દય છે!નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતાએ પુત્રને કહ્યું, બેટા, તું થોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે! આ સાંભળી પિતા-પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા.આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે!બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટુ ઉપર ચડી બેઠા છે.હવે બાપ-દીકરો બંને ટટ્ટુ ઉપર થી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડાને દોરીને લઈ જતા હતા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે, પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારેપરમાત્મા ને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે.કારણ ભગવાન જગતના ઉપાદાનકારણ છે. રામચંદ્રજી કુટિલ સાથે પણસરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રી કૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે. આ છે બંને અવતારોનો તફાવત. જગતને પણ રાજી કરી શક્યા નથી તો મનુષ્ય શું રાજી થવાનો હતો? સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો,પ્રસન્ન કરો.પ્રભુને પ્રસન્ન કરવાના ત્રણ માર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે.સર્વ જીવો ઉપર ધંધા રાખવી,જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો. આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે.આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે.નથી.ત્યારે વિષયો એવા છે કે, ન ભોગવવા છતાં તેનું ચિંતન માત્ર કરવાથી પણ મનુષ્યો મરે છે. ઝેર ખાવાથી જ મનુષ્ય મરે છે. તેનું ચિંતન કરવાથી કે ઝેર હાથમાં રાખવાથી મનુષ્ય માટે વિષયી વિષથી પણ બુરાં છે. એનો વિષ વત ત્યાગ કરવો ઘટે. ધ્રુવનું દ્દષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે.નામ સ્વતંત્ર છે. રૂપ સ્વતંત્ર છે,તેથી સંતો નામ સ્વરૂપને વધુ મહત્ત્વ આપે છે. નામ હોય ત્યાં રૂપને પ્રત્યક્ષ થવું જ પડે છે. હજાર શિક્ષક જે જ્ઞાન નથી આપી શકતા તે જ્ઞાન માતા બાળકને આપી શકે છે સુનીતી બાળકને તપ કરવા મોકલે છે. જ્યારે આજની માતા બાળકને રૂપિયા આપી સિનેમા જોવા મોકલે છે. બંનેને બાળક પર પ્રેમ છે, પણ સુનીતિનો પ્રેમ બાળકના અંતિમ કલ્યાણને નજરમાં રાખે છે, જ્યારે આજની માતા કેવળ પજવતો બંધ થાય એટલું જ ચાહે છે. જેને ભાઈમાં ભગવાન દેખાતા નથી એ ભગવાનની ભક્તિ કદી કરી શકતા નથી, અને કરે તો એમાં પણ એ ઈશ્વરને છેતરે છે.ભગવાનની પૂજા મંદિર માં થાય છે એવું નથી.ઈશ્વર તો સર્વવ્યાપક છે.એટલે પરમાત્માની પૂજા સર્વ ઠેકાણે થઈ શકે છે. કોઈપણ જીવને સુખ-સંતોષ આપો એ પણ પૂજા છે, કારણ કે દરેક જીવ ઈશ્વરનો જ અંશ છે. જીવ અને ઈશ્વર જુદા નથી. સત્તાથી તો જીવ એ ઈશ્વરનું જ પ્રતિબિંબ છે. સૂર્ય એક હોવા છતાં જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં સૂર્યનાં અનેક પ્રતિબિંબ દેખાય છે, તેમ ચેતન પરમાત્માનાં પણ અનેક જીવમાં પ્રતિબિંબ પડે છે. જીવ ઈશ્વરમાં જે ભેદ છે એ ડાંગર અને ચોખા જેવો છે. ડાંગર અને ચોખામાં જેમ કોઈ ફેર નથી, એમ જીવ અને ઈશ્વરમાં પણ કંઈ ફેર નથી પણ ભાત ચોખાનો થાય છે, ડાંગરનો નથી થતો.ડાંગર થોડો ખંડાવા રૂપે માર ખાય છે ત્યારે એ ચોખ્ખો બને છે. એમ જીવ પણ તપ અને ભક્તિ કરે ત્યારે એ પરમાત્મા બને છે. માટે સર્વ શરીરમાં ચૈતન્યરૂપે ઈશ્વર જ રહેલો છે એમ માનીને સર્વને સુખ આપો એ પણ પૂજા છે.તમે કોઈ ને સુખ ન આપો તો કંઈ વાંધોનહીં પણ કોઈને દુઃખ આપશો નહીં. પૂજા એ જ કરી શકશે જેનું હૃદય વિશાળ છે. જેની આંખમાં કામ અને પૈસો છે એ કઈ રીતે પરમાત્માની પૂજા કરી શકવાનો છે? ભિખારી ભીખ માગવા નથી આવતો પણ આપણને એ બોધ આપવા આવે છે કે,મેં ન આપ્યું તેથી મારી આવી દશા થઈ. તમે નહીં આપો તો તમારી પણ આવી દશા થશે.આમ ભિખારી પણ ગુરુ છે. એનામાં પણ ભગવદભાવ રાખો. જગતને રાજી કરવું મુશ્કેલ છે, પણ જે પરમાત્માને રાજી કરે છે તે જગતને રાજી કરે છે.વૃક્ષને લીલું રાખવા માટે પાંદડાં પર પાણી છાંટવાની જરૂર નથી, મૂળમાં પાણી છાંટવાની જરૂર છે. જગત એ વૃક્ષનાં પાંદડાં જેવું છે અને વૃક્ષનું મૂળ પરમાત્મા છે. એટલે જગતને રાજીરાખવાની વ્યર્થ ભાંજગડમાં પડશો નહીં. હું જ પુરંજન છું, એમ વિચારી આ લેખનું વારંવાર વાંચન ચિંતન કરજો. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત આજે પૃથ્વી લોક પર એક જ માનવ જીવને જ એમ કહેવાય છે કે.. માનવી માનવ થાય તો ઘણું. બીજા કોઈ જીવને માનવે એવું નથી કહયું કે કૂતરા તું કૂતરો થાય તો ઘણું.. માનવીને આવું કેમ કહેવું પડે છે જરા વિચારો.. અને છેલ્લે આજે ૭૭મો મહાત્મા ગાંધીના નિર્વાણ દિને તેમની તે દિવસની કેટલીક ક્ષણોમાં શું, બન્યું તે જોઈએ કેવો વીત્યો હતો મહાત્મા ગાંધીનો એ અંતિમ દિવસ ૩૦ જાન્યુ.? ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮(શુક્ર વાર)ની શરૂઆત એક સામાન્ય દિવસની જેમ થઈ. હંમેશાની જેમ મહાત્મા ગાંધી સવારે સાઢા ત્રણ વાગ્યે ઉઠ્યા પ્રાર્થના કરી. બે કલક પોતાના ડેસ્ટ પર કોંગ્રેસની નવી જવાબદારીઓના મુદ્દા પર કામ કર્યુ અને એ પહેલા કે બીજા લોકો ઊઠી જતા તેઓ છ વાગ્યે ફરી સૂવા જતા રહ્યા. કામ કરવા દરમિયાન તેઓ પોતાના સહયોગીઓ આભા અને મનુનુ બનાવેલ લીંબૂ અને મધનુ ગરમ પાણી અને ગળ્યુ લીંબુ પાણી પીતા રહ્યા. બીજીવાર સૂઈને તેઓ આઠ વાગ્યે ઉઠ્યા. દિવસના છાપા પર નજર દોડાવી અને પછી બ્રજકૃષ્ણએ તેલથી તેમની માલિશ કરી. ન્હાયા પછી તેમણે બકરીનુ દૂધ, બાફેલા શાક, ટામેટા અને મૂળા ખાધા અને સંતરાનુ જ્યુસ પણ પીધુ. શહેરના બીજા ખૂણામાં જૂની દિલ્હી રેલવે સ્ટેશનના વેટિંગ રૂમમાં નાથૂરામ ગોડસે, નારાયણ આપ્ટે અને વિષ્ણુ કરકરે હજુ પણ ઉંઘી રહ્યા હતા. ડરબનના તેમના જૂના મિત્ર રુસ્તમ સોરાબજી સપરિવાર ગાંધીને મળવા આવ્યા. ત્યારબાદ રોજની જેમ તેઓ દિલ્હીના મુસ્લિમ નેતાઓને મળ્યા. તેમને બોલ્યા, “હુ તમારા લોકોની મંજુરી વગર વર્ધા નથી જઈ શકતો” ગાંધીજીના નિકટના સુધીર ઘોષ અને તેમના સચિવ પ્યારેલાલે નેહરુ અને પટેલ વચ્ચે મતભેદો પર લંડન ટાઈમ્સમાં છપાયેલ એક ટિપ્પણી પર તેમના વિચાર માંગ્યા. જેના જવાબમાં ગાંધીજીએ કહ્યુ કે તેઓ આ મામલો પટેલ સામે ઉઠાવશે જે ચાર વાગ્યે તેમને મળવા આવી રહ્યા છે અને પછી તેઓ નેહરુ સાથે પણ વાત કરશે જેમની સાથે તેમની સાંજે સાત વાગ્યે મુલાકાત નક્કી થયેલ હતી. બીજી બાજુ બિરલા હાઉસ માટે નીકળતા પહેલા નાથૂરામ ગોડસેએ કહ્યુ કે આજે તેમની ઈચ્છા મગફળી ખાવાની છે. આપ્ટે તેમના માટે મગફળી શોધવા નીકળ્યા પણ થોડી વાર પછી આવીને બોલ્યા - “સમગ્ર દિલ્હીમાં ક્યાય પણ મગફળી નથી મળી રહી. શુ કાજુ કે બદામથી કામ ચાલશે?” પણ ગોડસેને ફક્ત મગફળી જ જોઈતી હતી. આપ્ટે પછી બહાર નીકળ્યા અને આ વખતે તેઓ મગફળીનું મોટુ કવર લઈને આવ્યા. ગોડસે મગફળીઓ પર તૂટી પડ્યા. ત્યારે આપ્ટેએ કહ્યુ કે હવે નીકળવાનો સમય થઈ ગયો છે. ચાર વાગ્યે વલ્લભભાઈ પટેલ પોતાની પુત્રી મનીબેન સાથે ગાંધીને મળવા પહોંચ્યા અને પ્રાર્થનાના સમય મતલબ સાંજે પાંચ વાગ્યા પછી સુધી મંત્રણા કરતા રહ્યા. સવા ચાર વાગ્યે ગોડસે અને તેમના સાથીયોએ કનોૅટ પ્લેસ માટે એક ઘોડાગાડી કરી. ત્યાંથી તેમણે પછી બીજી ઘોડાગાડી કરી અને બિરલા હાઉસથી બે ગજ પહેલા ઉતરી ગયા. બીજી બાજુ પટેલ સાથે વાતચીત દરમિયાન ગાંધી ચરખો ચલાવતા રહ્યા અને આભા દ્વારા પીરસાયેલ સાંજનુ જમવાનુ બકરીનું દૂધ,કાચી ગાજર,બાફેલા શાક અને ત્રણ સંતરા ખાતા રહ્યા. આભાને ખબર હતી કે ગાંધી પ્રાર્થના સભામાં મોડેથી જવુ બિલકુલ પસંદ નથી કરતા. તે પરેશાન થઈ. પટેલને ટોકવાની તેમની હિમંત ન થઈ. કશુ પણ કહો પણ તે હતા તો ભાભરતના લોખંડી પુરૂષ. તેમની એ પણ હિમંત ન થઈ કે તે ગાંધીને યાદ અપાવે કે તેમને મોડુ થઈ રહ્યુ છે. શ્રદ્ધા સુમન અર્પણ કરીએ. સાથે ગઈકાલે મહા કુંભ સ્નાનમાં થયેલ દોડધામમાં દિવંગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### મનિષાએ ઇન્ડસ્ટ્રીમાં એજીઝમનો ભોગ બની હોવાની પીડા વ્યક્ત કરી

# મને ઉંમર દેખાતી હોવાને કારણે એકલી પાડી દેવાઈ

### આપણે દુનિયાને અને આપણી જાતને બતાવી દેવાની જરૂર છે કે આપણે આ ઉંમરે પણ હજુ કમાલ કરી શકીએ છીએ




મનિષા કોઈરાલા હિન્દી ફિલ્મોમાં ૯૦ના દાયકાની સુપર સ્ટાર ગણાતી હતી. તેણે ‘મન’ જેવી ફિલ્મમાં રોમેન્ટીક રોલ હોય કે પછી ‘ખામોશી’ અને ‘દિલ સે’ જેવી ફિલ્મોના પડકારજનક રોલ હોય, દરેકમાં મનિષાનો અભિનય વખણાયો છે. હવે તેણે પોતાની બીજી ઈનિંગ શરૂ કરી છે ખાસ કરીને ભણસાલીની ‘હિરામંડી’માં તેના અભિનયને બહુ સરાહવવામાં આવ્યો છે. ત્યારે તાજેતરમાં તેણે ઈન્ડસ્ટ્રીની એજિઝમની વિચારધારા અંગે વાત કરી હતી. તેણે ખુલાસો કર્યો છે કે તેને ઘણી વખત પોતાની ઉંમરના કારણે લોકોની કડવી વાતો અને ટીકાનો સામનો કરવો પડે છે. લોકો તેને અવારનવાર એવું કહી દે છે કે તે હવે ‘બુઢ્ઢી’ થઈ ગઈ છે. મનિષા કહે છે કે ઈન્ડસ્ટ્રીની હંમેશા યુવાન રહેવાની વિચારધારાનું આ પરિણામ છે.તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં મનિષાએ ઈન્ડસ્ટ્રીની વિચારધારા બદલવા પર ભાર મુકીને મોટી ઉમરના કલાકારો માટે વધુ અર્થસભર રોલના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું હતું કે માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નહીં પણ આપણા સમાજમાં પણ આ વિચારધારા બદલવાની જરૂર છે. મનીષાએ કહ્યું,‘‘ઈન્ડસ્ટ્રીની વાત કરો કે સામાન્ય માહોલની, મહિલાઓને હંમેશા વધતી ઉંમરનો સામનો કરવો પડે છે. મહિલાઓ સાથે ઉમરના હિસાબે ભેદભાવ કરવામાં આવે છે. મેં ક્યારેય નથી સાંભળ્યું કે કોઈ પુરુષ કલાકારને ઉમર વધવાને કારણે ટ્રોલ કરતું હોય. પરંતુ ઘણી મહિલાઓને આ પ્રકારના ટ્રોલિંગનો સામનો કરવો પડે છે. તેમને નીચી નજરે જોવામાં આવે છે. પુરુષો કરતા મહિલાઓને વધારે એજિઝમનો સામનો કરવો પડે છે.’’એક રાઉન્ડ ટેબલ ઈન્ટરવ્યુ દરમિયાન તેને મોટી ઉમરના કારણે એકલી પાડી દેવાઈ હોવાની ઘટનાના સંદર્ભે મનિષાએ કહ્યું,‘‘એક રાઉન્ડ ટેબલ ચર્ચા દરમિયાન મને એક બાજુ કરી દેવાઈ હતી. તેના માટે તેમણે મને એવું કારણ આપ્યું,‘‘ઓહ, એ પ્રશ્ન એક ચોક્કસ ઉમરના લોકો માટે હતો.’’ મેં પૂછ્યું, ‘‘ઓહ તો પુરુષ કલાકારો પણ એ જ ઉમરના ગ્રુપમાં આવે, મારી સાથે કામ કરતા હિરો તે મારાથી મોટા કલાકાર આ ફિલ્મમાં હોત તો, એમણે મારાથી સારું કામ કર્યુ હોત?

# રાજામૌલીને પદ્મ એવોર્ડીની સો. મીડિયા પોસ્ટ માટે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો

### રાજામૌલીની પોસ્ટને સોશિયલ મીડિયા યૂઝર્સે દંભી ગણાવ્યા

એસએસ રાજામૌલીને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો છે કારણ કે પદ્મશ્રી એવોર્ડીઝનો શુભેચ્છા આપતી પોતાની પોસ્ટમાં તેણે ‘તેલુગુ પીપલ’ શબ્દપ્રયોગ કર્યો હતો. દર વર્ષની જેમ ભારત સરકાર દ્વારા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દેશભરના દરેક રાજ્યના હસ્તીઓને પદ્મશ્રી, પદ્મભુષણ અને પદ્મવિભુષણ એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત બાદ એસએસ રાજામૌલીએ પોતાના એક્સ અકાઉન્ટ પર લખ્યું,‘‘આ વખતે તેલુગુ લોકોને ૭ પદ્મ એવોર્ડ્ઝ.. ’’તેમણે લખ્યું,‘‘પદ્મભુષણ એવોર્ડ માટે નંદમુરારી બાલાક્રિશ્ના ગારુને પદ્મભુષણ એવોર્ડથી સન્માનિત થવા બદલ હેર્દિક શુભેચ્છાઓ! ભારતીય સિનેમામાં તમારી સફર ખરેખર અદ્દભુત રહી છે..’’‘‘તે ઉપરાંત, તેલુગુ અને અન્ય માનનીય ભારતીય પદ્મ અવોર્ડીને અભિનંદન..’’અન્ય એક કમેન્ટમાં એસએસ રાજામૌલીએ લખ્યું,‘‘ખરેખર યોગ્ય સન્માન..શેખર કપુર સરને પદ્મભુષણ એવોર્ડ બદલ ખુબ હાર્દિક શુભકામનાઓ. તમારા અમુલ્ય પ્રાદનથી ભારતીય સિનેમામાં તમે એક નોંધપાત્ર છાપ છોડી છે અને તમારું કામ આજે પણ પેઢીઓને પ્રેરિત કરે છે.’’જ્યારે અજીતને શુભેચ્છાઓ આપતા તેમણે લખ્યું,‘‘અજીત સર, અજીત સર પદ્મભુષણ મેળવવા બદલ આપને ખુબ અભિનંદન! તમે ઓન અને ઓફ સ્ક્રીન જે અસર બનાવી છે તે ખરેખર પ્રેરણાત્મક છે.’’રાજામૌલીની આ પોસ્ટ તો બરાબર છે, પણ તેની શરૂઆતમાં તેમણે લખેલું ‘તેલુગુ પીપલ’ લોકોને ગળે ઉતર્યુ નહીં.કોઈએ લખ્યું કે તેલુગુ લોકો અને અન્ય ભારતીયો વચ્ચે ભેદભાવ શું કામ? તેલુગુ લોકો ભારતનો ભાગ નથી?તો કોઈ બીજા યૂઝરે લખ્યું,‘‘દંભીપણાની ચરમ સીમા. આ તેલુગુ લોકોને ભારતનો ભાગ ગણતો નથી. પરંતુ પૈસા કમાવવા એ પૅન ઈન્ડિયા ફિલ્મો બનાવે છે.’’તો કોઈએ તેલુગુ અને ભારત વચ્ચે બેદભાવ છોડીને બધાને એક ગણાવ્યા હતા. તો કોઈએ કહ્યું હતું, ‘‘નોર્થ અને સાઉથ કોઈ રાજકીય મુદ્દો છે જ નહીં, પરંતુ તમારા જેવા કેટલાક લોકોની વિચારધારા છે. ખબર નહીં ઉત્તર ભારતના લોકો તમારી ફિલ્મ કેમ જુએ છે. લોકોમાં આપણે ભારતીય છીએ એ કહેવાની હિંમત નથી.’’



# સારા અલી ખાન BJP નેતાના પુત્ર સાથે વેકેશન માણતી જોવા મળી

### હકીકતમાં સારા અર્જુન બાજવાને ડેટ કરી રહી છે તેવી અફવા ઊડી રહી છે, જો કે તેઓએ આ અફવાઓની નકારી કાઢી હતી

બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન હાલમાં તેની ફિલ્મ ‘સ્કાઈ ફોર્સ’ લઈને ચર્ચામાં છે. જો કે દર્શકોએ તેના પરફોર્મન્સને કંઈ ખાસ પસંદ કર્યુ નથી. આ દરમિયાન સારા અલી ખાન કોઈ વ્યક્તિને ડેટિંગ કરી રહી છે. તે ચર્ચાએ જોર પકડ્યું છે. જો કે હજુ સુધી સારાએ પોતાના રિલેશનશીપની સત્તાવાર જાહેરાત કરી નથી. હકીકતમાં સારા અર્જુન બાજવાને ડેટ કરી રહી છે તેવી અફવા ઊડી રહી છે. જો કે તેઓએ આ અફવાઓની નકારી કાઢી હતી. હાલમાં જ રાજસ્થાનમાં ફરતા બંનેની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.સોશિયલ મીડિયા પરના એક વીડિયોમાં સારા અને અર્જુન સાથે જોવા મળી રહ્યા છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વીડિયો ગોવાનો છે. જ્યાં બંને રજાઓ માણવા ગયા છે. આ વીડિયોમાં સારા અલી ખાન વ્હાઈટ ટીશર્ટની સાથે ડેનીમ શોર્ટ્સમાં જોવા મળી હતી. જયારે વ્હાઈટ ટીશર્ટ અને પેન્ટમાં અર્જુન બાજવા જોવા મળ્યો હતો. સારા અર્જુન પાસે આવે છે અને તેના કમર પર હાથ રાખીને કંઈક કહેતી હોય તેવું જોવા મળી રહ્યું છે. વીડિયો કોઈ કાફેમાં શૂટ કરવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. આ વીડિયોમાં સારા અલી ખાન અને અર્જુન બાજવા વચ્ચે નિકટતા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ જોઈને લાગી રહ્યું છે કે બંને વચ્ચે નજીકના સંબંધો છે. હવે આ વીડિયો પર લોકો પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક વ્યક્તિએ લખ્યું હતું કે, ‘આ અર્જુન બાજવા છે કે બીજું કોઈ?’ અન્ય વ્યક્તિએ કહ્યું હતું કે, ‘અરે આ તો એ જ છોકરો છે કે જેની સાથે સારા કેદારનાથ ગઈ હતી.’



### ફાતિમા સના શેખે કર્યો પર્દાફાશ

# સાઉથ ઇન્ડસ્ટ્રીમાં પણ કાસ્ટિંગ કાઉચનો સડો




### દંગલ ગર્લ ફાતિમા સના શેખે એક ઇન્ટરવ્યુમાં સાઉથ ઇન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી અત્યંત ઘૃણાસ્પદ હરકતો નામે કાસ્ટિંગ કાઉચનો પર્દાફાશ કર્યો

દંગલ ગર્લ ફાતિમા સના શેખે એક ઈન્ટરવ્યુમાં સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી અત્યંત ઘૃણાસ્પદ હરકતો નામે કાસ્ટિંગ કાઉચનો પર્દાફાશ કર્યો છે. અભિનેત્રીએ જણાવ્યું કે તેણીને ત્યાં કાસ્ટિંગ કાઉચનો ઘણો સામનો કરવો પડ્યો. ફાતિમા સના શેખે ખુલાસો કર્યો કે તેણીને સાઉથ ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો હતો એજન્ટે કહ્યું કે તમારે બધું કરવું પડશેઆમિર ખાન સ્ટારર ફિલ્મ ‘દંગલ’માં ભારતીય મહિલા કુસ્તીબાજ ગીતા ફોગાટની ભૂમિકામાં ફાતિમા સના શેખને ઘણી લોકપ્રિયતા મળી. પરંતુ ફાતિમાએ પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત દક્ષિણની ફિલ્મોથી કરી હતી. હવે, અભિનેત્રીએ દક્ષિણ ફિલ્મ ઉદ્યોગનું કાળું સત્ય ઉજાગર કર્યુ છે. તેણીએ ખુલાસો કર્યો છે કે દક્ષિણ ફિલ્મો માટે ઓડિશન આપતી વખતે તેણીને કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો હતો.ફાતિમાએ ઉલેખ કર્યો કે નિર્માતાઓ આ વિશે ખૂબ જ ખુલ્લેઆમ વાત કરતા હતા, ‘તમે જાણો છો, અહીં તમારે લોકોને મળવું પડશે. તેઓ સીધું કંઈ કહેતા નહોતા પણ તેમનો અર્થ વિચિત્ર રીતે હતો. અલબત્ત, તેઓ આડકતરી રીતે કહેતા પણ ‘‘તેમના ઈરાદા સ્પષ્ટ કરશે. તેઓ કહેશે, ‘તમારે લોકોને મળવું પડશે’, અથવા ‘તમારે આ અને તે કરવું પડશે. ફાતિમાએ બાળ કલાકાર તરીકે પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. દંગલ પછી, ફાતિમાએ લુડો, અજીબ દાસ્તાન અને સેમ બહાદુરમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી. ફાતિમાની આગામી ફિલ્મ મેટ્રો...ઈન ડીનો છે. આ ફિલ્મ ૨૦૦૭ની હિટ ફિલ્મ ‘લાઈફ ઈન અ...મેટ્રો’ની આધ્યાત્મિક સિક્વલ છે. અનુરાગ બાસુ દ્વારા દિગ્દર્શિત, આગામી રોમેન્ટિક ડ્રામા ફિલ્મમાં આદિત્ય રોય કપૂર, સારા અલી ખાન, અનુપમ ખેર, નીના ગુપ્તા, પંકજ ત્રિપાઠી, કોંકણા સેન શર્મા અને અલી ફઝલ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. મેટ્રો...ઈન ડીનો ૨૯ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ તેની રિલીઝ તારીખ મુલતવી રાખવામાં આવી છે.

### અક્ષય કુમાર મોટાભાગે ફિલ્મોમાં પોતાના સ્ટંટ જાતે કરે છે

# અક્ષયનો જોખમી સ્ટંટ જોઈ મહેશ ભટ્ટને લાગી હતી બીક

એ બાબત જગ જાહેર છે કે અક્ષય કુમાર મોટાભાગે ફિલ્મોમાં પોતાના સ્ટંટ જાતે કરે છે. એક વખત મહેશ ભટ્ટ તેમનાં જોખમી સ્ટંટથી ખૂબ ડરી ગયા હતા અને કહી દીધું હતું કે ‘તે મરી જશે, હું તેને જોવા માંગતો નથી. અક્ષય કુમાર બોલિવૂડના ફિટ કલાકારોમાંના એક છે. તે ફિલ્મોમાં મોટાભાગના સ્ટંટ જાતે કરવા માટે જાણીતા છે. અક્ષય તેના શિસ્ત અને શારીરિક તંદુરસ્તીને કારણે સમાચારમાં રહે છે. ચાહકો તેમને ખિલાડી કુમાર પણ કહે છે. દિગ્દર્શક રોહિત શેટ્ટીએ એકવાર કહ્યું હતું કે અક્ષયે તેમની ફિલ્મમાં કોઈની મદદ વગર પ્લેન સ્ટંટ કર્યો હતો.આ દિવસોમાં અક્ષય કુમાર ફિલ્મ સ્કાય ફોર્સને કારણે સમાચારમાં છે. અક્ષય ફિલ્મનું જોરદાર પ્રમોશન કરી રહ્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં, અક્ષયે તે સમયને યાદ કર્યો જ્યારે તે મહેશ ભટ્ટની ફિલ્મ અંગારે માટે પડકારજનક સ્ટંટ કરી રહ્યો હતો. અક્ષય કુમારને યાદ આવ્યું કે મહેશ ભટ્ટે તેમને જોયા પછી કહ્યું હતું - ‘તે મરી જશે.અક્ષયે કહ્યું કે તે ફિલ્મમાં તે તેના જીવનના સૌથી પડકારજનક સ્ટંટ કરી રહ્યો હતો. ફિલ્મ નિર્માતા મહેશ ભટ્ટ અક્ષયના જીવનથી ડરતા હતા. અક્ષયે કહ્યું કે આ સ્ટંટ ખૂબ જ જોખમી હતો. અક્ષયે કહ્યું- ‘સ્ટંટ એટલો જોખમી હતો કે મહેશ ભટ્ટ મારા સ્ટંટ કરે તે પહેલાં જ ભાગી ગયા.’ તેણે મને કહ્યું કે હું તેને જોવા માંગતો નથી, તે મરી જશે. તેથી મેં તે સ્ટંટ મારા ડિરેક્ટર વિના કર્યો.અક્ષયે કહ્યું, ‘સ્ટંટમાં તેને બિલ્ડિંગના ૭મા માળેથી કૂદકો મારવો પડ્યો.’ વચ્ચે એક રસ્તો હતો, પણ તે એક લેનનો રસ્તો હતો અને બીજી બાજુ બીજી ઈમારત હતી.



### વિવાદાસ્પદ અભિનેત્રી રાખી સાવંતે બે વાર લગ્ન કર્યા છે

# અભિનેત્રી રાખી સાવંતને ત્રીજો દુલ્હો મળ્યો

વિવાદાસ્પદ અભિનેત્રી રાખી સાવંતે બે વાર લગ્ન કર્યા છે. જોકે, તેમના બંને લગ્ન ટક્યા નહીં. હવે, તે તેના ત્રીજા લગ્નને લઈને સમાચારમાં છે.રાખી સાવંત પાકિસ્તાનમાં લગ્ન કરવા માંગે છે, કહ્યું ઘણા પ્રસ્તાવો મળી રહ્યા છે. પણ આ વખતે તે ભારતમાં નહીં પણ પાકિસ્તાનમાં લગ્ન કરવા માંગે છે. રાખીએ તેની તાજેતરની સફર દરમિયાન મળેલા સારા લગ્ન પ્રસ્તાવો વિશે પણ વાત કરી. રાખીએ કહ્યું, ‘મને પાકિસ્તાન તરફથી ઘણા બધા પ્રસ્તાવો મળી રહ્યા છે.’ જ્યારે હું પાકિસ્તાન ગઈ, ત્યારે તેમણે જોયું કે મારા પાછલા બે લગ્નોમાં મને કેટલી હેરાન કરવામાં આવી હતી. હું ચોક્કસપણે પાકિસ્તાનમાં લગ્ન કરવાનું વિચારીશ. રાખીએ કહ્યું કે ઘણા પાકિસ્તાની અને ભારતીય યુગલો લગ્ન કરીને અમેરિકા અને દુબઈમાં સ્થાયી થયા છે અને સારું જીવન જીવી રહ્યા છે. આ પ્રકારના લગ્ન બંને દેશો વચ્ચે શાંતિ અને સમજણને પ્રોત્સાહન આપે છે.રાખીએ આગળ કહ્યું, ‘ભારતીય અને પાકિસ્તાની એકબીજા વિના કંઈ કરી શકતા નથી.’ મને પાકિસ્તાની લોકો ગમે છે અને મારા ચાહકો પણ ત્યાં છે. પોતાના કથિત પ્રેમી ડોડી ખાન વિશે વાત કરતાં રાખીએ કહ્યું કે તે એક અભિનેતા અને પોલીસ અધિકારી બંને છે. રાખીએ કહ્યું, ‘લગ્ન પાકિસ્તાનમાં થશે.’ રિસેપ્શન ભારતમાં હશે અને અમે હનીમૂન માટે સ્વિટ્ઝર્લેન્ડ અથવા નેધરલેન્ડ જઈશું. આપણે દુબઈમાં સ્થાયી થઈશું. આ પહેલા રાખીના લગ્ન રિતેશ સિંહ સાથે થયા હતા. રાખીએ શરૂઆતના થોડા દિવસો રિતેશને છુપાવીને રાખ્યો. પછી તે રિતેશ સાથે બિગ બોસમાં ગઈ. જોકે, રાખી અને રિતેશના આ લગ્ન ટક્યા નહીં. બીજા લગ્ન આદિલ ખાન દુર્રાની સાથે થયા હતા. હવે આ લગ્ન તૂટી ગયા છે. રાખીએ આદિલ ખાન દુર્રાની પર પણ અનેક આરોપો લગાવ્યા હતા અને તેમને જેલમાં પણ મોકલી દીધા હતા. આદિલે સોમી અલી સાથે પણ લગ્ન કર્યા છે.



### રિલીઝ થયાના ચાર દિવસમાં તેણે સારું કલેક્શન કર્યું

# ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ ની કમાણીનો ફોર્સ ઘટ્યો

### અક્ષય અને વીર દેશભક્તિ ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ ૨૪ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી

અક્ષય કુમારની બહુ ચર્ચિત ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ની કમાણીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જોકે, રિલીઝ થયાના ચાર દિવસમાં તેણે સારું કલેક્શન કર્યુ છે.અક્ષય કુમાર અને વીર પહાડિયાની દેશભક્તિ ફિલ્મ ‘સ્કાય ફોર્સ’ ૨૪ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેની શરૂઆત ખૂબ જ સારી રહી અને પછી ‘સ્કાય ફોર્સ’ એ બીજા દિવસે પણ સારો વ્યવસાય કર્યો. રિલીઝના ત્રીજા દિવસે, ફિલ્મને પ્રજાસત્તાક દિવસની રજાનો ફાયદો થયો અને તેની કમાણીમાં ઉછાળો જોવા મળ્યો.’સ્કાય ફોર્સ’ એ દર્શકોના દિલ જીતી લીધા છે. મજબૂત શરૂઆત પછી, ફિલ્મે શરૂઆતના સપ્તાહના અંતે બોક્સ ઓફિસ પર ખૂબ જ કમાણી કરી અને ફિલ્મે સારી કમાણી પણ કરી છે. નોંધનીય છે કે ‘સ્કાય ફોર્સ’ અક્ષય કુમારના ડૂબતા કરિયર માટે એક મોટો સહારો બની ગઈ છે. અભિનેતાની આ ફિલ્મે રિલીઝના માત્ર ચાર દિવસમાં જ તેની પાછલી ઘણી ફ્લોપ ફિલ્મોના આજીવન કલેક્શનને વટાવી દીધું છે.નિર્માતાઓ દ્વારા શેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, ‘સ્કાય ફોર્સ’ એ તેની રિલીઝના પહેલા દિવસે ભારતમાં ૧૫.૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.ત્રીજા દિવસે, ‘સ્કાય ફોર્સ’ એ પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ૩૧.૬૦ કરોડ રૂપિયાનો વ્યવસાય કર્યો.આ સાથે, નિર્માતાઓના મતે, ‘સ્કાય ફોર્સ’ એ ત્રણ દિવસમાં ભારતીય બોક્સ ઓફિસ પર ૭૩.૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ભારતમાં તેનું કુલ કલેક્શન ૮૬.૪૦ કરોડ રૂપિયા છે. એક રિપોર્ટ મુજબ, ‘સ્કાય ફોર્સ’ એ તેની રિલીઝના ચોથા દિવસે એટલે કે પહેલા સોમવારે ભારતમાં ૬.૨૫ કરોડની કમાણી કરી છે.




### ફિલ્મ ઓટીટી પર રિલીઝ થશે

# બોમન ઇરાની ‘ધ મહેતા બોય્ઝ’ થી ડિરેક્ટર બનશે

### ફિલ્મનું વર્લ્ડ પ્રિમીયર ૧૫મા શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં ૨૦ સપ્ટેમ્બરે યોજાયું હતું

બોમન ઈરાની પણ હવે ડિરેક્શનમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મનું વર્લ્ડ પ્રિમીયર ૧૫મા શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં ૨૦ સપ્ટેમ્બરે યોજાયું હતુંતેણે અને અવિનાશ તિવારીએ ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘ધ મહેતા બોય્ઝ’ આવતા મહિને એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થશે. બોમન ઈરાનીની વિવેચકો દ્વારા વખણાયેલી આ ફિલ્મ ૭ ફેબ્રુઆરીએ ઓનલાઈન ઉપલબ્ધ થશે. બોમન ઈરાનીએ ૨૩ જાન્યુઆરીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને આ અંગે જાહેરાત કરી હતી. તેણે લખ્યું,‘‘૪૮ કલાક, ૨ વ્યક્તિ, ૧ જોરદાર સ્ટોરી ધ મહેતા બોય્ઝ પ્રાઈમ પર, ફેબ્રુઆરી ૭’’. આ ફિલ્મનું વર્લ્ડ પ્રિમીયર ૧૫મા શિકાગો સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં ૨૦ સપ્ટેમ્બરે યોજાયું હતું. બોમન ઈરાનીને ફિચર ફિલ્મ કેટેગરીમાં તેમાં બેસ્ટ એક્ટર (મેલ)નો એવોર્ડ પણ મળ્યો હતો. આ સિવાય આ ફિલ્મ ટોરન્ટો ફિલ્મ ફેસ્ટિવલ અને સાઉથ એશિયન ફિલ્મ ફેસ્ટિવલમાં પણ વખણાઈ હતી. આ ફિલ્મમાં એક પિતા-પુત્રની સ્ટોરી છે, જેમને એકબીજા સાથે બિલકુલ બનતું નથી અને તેમને ૪૮ કલાક એકબીજા સાથે વિતાવવા પડે છે.ત આ ફિલ્મ બોમન ઈરાનીએ જ એલેક્સ ડિનેલરીસ સાથે મળીને લખી છે. આ ફિલ્મમાં શ્રોયા ચૌધરી અને પૂજા સરૂપ પણ મહત્વના રોલમાં જોવા મળશે.



# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ગણતંત્ર દિવસની દબદબાભેર ઉજવણી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૯ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ૭૬ મા પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય શ્રી ડૉ. આશીષ મોદી સાહેબના વરદહસ્તે ધ્વજવંદન અને પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યો. આ પ્રસંગે ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી એસ. આર. રાવ સાહેબ તથા મંત્રી શ્રી ડૉ પી.એમ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એન. સી. સી. ઓફિસર લેફ્ટ. ડૉ. અજિતસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ એન.સી.સીના કેડેટ્સ દ્વારા રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં તેમજ પરેડ કરવામાં આવી હતી. ધ્વજવંદન બાદ એન.સી.સી અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ પ્રેરક વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, તેમના માતા પિતા, સ્ટાફ અને ગ્રામજનો હજાર રહ્યા હતા. કાર્યક્રમ ને સફળ બનાવવામાં એન. એસ. એસ.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પ્રોગ્રામ ઓફિસર ડૉ બી એમ ગોહિલ દ્વારા મુખ્ય ભૂમિકા ભજવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. વાય. પી. ઝાલા દ્વારા કરવામાં આવ્યું.

# થરા પ્રાથમિક શાળા નં.૧ અને ૨ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।

કાંકરેજ તાલુકાના થરા પ્રાથમિક શાળા નં.૧ અને ૨ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની દબ દબાભેર ઉજવણી થરા પ્રાથમિક શાળા નં.૧ ખાતે ભૂતપૂર્વ વિધાર્થીની હિરલબેન દિલીપભાઈ રાજગોર ના હસ્તે તથા થરા પ્રાથમિક શાળા નં.૧ ખાતે પાલીકા શાસક પક્ષના નેતા પૃથ્વીરાજસિંહ વાઘેલાના હસ્તે ત્રિરંગો લહેરાવી કરવામાં આવેલ. શાળાના ભૂતપૂર્વ આચાર્યો શિક્ષકો વી.ડી.જોષી, એફ.ડી.જોષી, બી.ડી.જોષી પી.ડી.રાઠોડ, મંજુલાબેન જોષી,બી.એન.જોષી, વિમલા બેન ઠક્કર, આર.એન. પટેલનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રિય પર્વે બાળકો દ્વારા સુંદર મજાના દેશ ભક્તિના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાલિકા પૂર્વ પ્રમુખ વિનોદજી ઠાકોર, ભરત ભાઈ ધાણધારા, રાકેશભાઈ શાહ, આચાર્ય રમેશભાઈ ત્રિવેદી, બિંદેશ્વરીદેવી શાળાનો સમગ્ર સ્ટાફ ગણ હાજર રહી પ્રજાસત્તાક દિનના કાર્યકમને સફળ બનાવ્યો હતો.

# સમસ્ત બ્રહ્મ સમાજ કાંકરેજના પ્રથમ મહિલા પી.એસ.આઈ.ના હસ્તે શિરવાડા ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉષ્માભેર ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) થરા, તા.૨૯ ।

આ પ્રસંગે શિરવાડા ગામના તથા સમસ્ત બ્રહ્મ સમાજ કાંકરેજના પ્રથમ મહિલા પી.એસ.આઈ કુ. નીમાબેન એસ. જોષીના વરદ હસ્તે ધ્વજ વંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી.

જેમાં શાળાના શિક્ષકો તથા વિધાર્થીઓ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીમાં દેશભકિતનાં નારાઓ સાથે સમ્રગ ગામનું વાતાવરણ દેશભકિતમય બની ગયું હતું.

આ પ્રસંગે શિરવાડા ગામના બ્રહ્મ સમાજના પ્રથમ પુત્રી પી.એસ.આઈ કુ. નીમાબેન એસ. જોષીનું ભારતમાતાની ટ્રોફીથી વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યુ હતું.

શાળાના બાળકો દ્વારા વિવિધ સાંકૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા તથા ભાગ લીધેલ વિધાર્થીઓને ગ્રામજનો દ્વારા પ્રોસાહક ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના સર્વે સામાજીક તથા રાજકિય આગેવાન, તેમજ



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

માતાઓ બહેનો યુવા મિત્રો સર્વે ગ્રામજનો વિશાળ સંખ્યાઓ હાજર રહ્યા હતા. આચાર્ય એન આઈ ગજ્જર તથા વકીલ શિવશંકરભાઈ જોષી સ્ટાફ ગ્રામજનોની હાજરીમાં આ કાર્યક્રમ ઉલ્લાસપૂર્ણ માહોલમાં શાંતિમય રીતે સંપન થયો હતો.

# ખજોદ સ્થિત સી.બી.પટેલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ- ૨૦૨૫નું રંગેચંગે સમાપન




। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

નર્સિંગ સમુદાય માટે રમતગમત અને સામાજિક જાગૃતિ માટે ખજોદના સી.બી.પટેલ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આયોજિત ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૩ (GNCP-2025) નું રંગેચંગે સમાપન થયું હતું, ફાઈનલ મેચમાં પારૂલ યુનિવર્સિટી-વડોદરાની ટીમ વિજેતા બની હતી. લિજેન્ડ ઈલેવન વડોદરા રનર્સ અપ રહી હતી. ચેમ્પિયન ટીમને રૂ.૨૫,૫૫૫ પુરસ્કાર અને ટ્રોફી તેમજ રનર્સ અપ ટીમને રૂ.૧૫,૫૫૫ અને ટ્રોફી એનાયત કરાયા હતા.

અંગદાન મહાદાન, નો ડ્રગ્સ અને 'કેચ ધ રેઈન'ની જાગૃત્તિ અર્થે તેમજ નર્સિંગ સમુદાયમાં એકતા, પ્રગતિ અને જાગૃતિ મજબૂત બને એવા હેતુ સાથે યોજાયેલી ટુર્નામેન્ટમાં ગુજરાતની વિવિધ નર્સિંગ કોલેજો અને હોસ્પિટલોની ૨૮ ટીમોએ ભાગ લીધો હતો, ફાઈનલમાં લિજેન્ડ ઈલેવન-વડોદરાએ ૧૩ ઓવરમાં ૭૦ રન બનાવ્યા હતા, જેને પારૂલ યુનિ.-વડોદરાની ટીમે ૧૩ ઓવર, ૫ બોલમાં પાર કરતા ૭૧ રન બનાવી ભવ્ય જીત મેળવી હતી. કષ્ટભંજન ટીમના ખેલાડી બ્રિજેશ પટેલ મેન ઓફ ધ સિરીઝ જાહેર થયા હતા. પૂર્ણાહૂતિ સમારોહમાં કોર્પોરેટર વ્રજેશ ઉનડકટે જણાવ્યું કે, 'કેચ ધ રેઈન', જલ હૈ તો કાલ હૈ' ની થીમ પર આધારિત આ ક્રિકેટ ટુર્નામેન્ટથી નર્સિંગ સમુદાયને કામના ભારણમાંથી થોડી હળવાશ મળી છે, તેમજ મૈત્રી અને ખેલદિલીની ભાવનાથી સૌ પરસ્પર જોડાયા છે. ડ્રગ્સનું દૂષણ સમાજમાં થી દૂર થાય અને 'નો ડ્રગ્સ' ના સંદેશ સાથે તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય એ માટેનો પ્રયાસ કર્યો છે. નર્સિંગ વિદ્યાર્થીઓ સમાજ અને દર્દીઓ વચ્ચે સેતુરૂપ છે. ટુર્નામેન્ટના ૫ દિવસ દરમિયાન દરરોજ નર્સિંગ વિદ્યાર્થીઓને જાગૃત્ત કરાયા હતા, જેથી તેઓ પોતાના તેમજ પરિવારનો દૃષ્ટિકોણ બદલી અંગદાન, પાણી બચાવવા, ડ્રગ્સ સામેની ઝુંબેશમાં સહયોગી બનવા સંકલ્પબદ્ધ થયા છે એમ જણાવી શ્રી ઉનડકટે વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળથી ચાલનારી ત્રણ જોડી સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનો રિસ્ટોર

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે એ અમદાવાદ-દરભંગા, ગાંધીધામ-ભાગલપુર અને અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનોને સમાન સંરચના, સમય અને રૂટ પર ફરી શરુ કરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ફરી શરુ થનારી ટ્રેનો:

૧. ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ-પટણા સાપ્તાહિક સ્પેશ્યલ ૫ માર્ચ ૨૦૨૫ થી ૨૫ જૂન ૨૦૨૫ સુધી ચાલશે.

૨. ટ્રેન નંબર ૦૯૪૪૮ પટના-અમદાવાદ સાપ્તાહિક સ્પેશ્યલ ૭ માર્ચ ૨૦૨૫ થી ૨૭ જૂન ૨૦૨૫ સુધી ચાલશે.

૩. ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સાપ્તાહિક ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૨૭ જૂન ૨૦૨૫ સુધી ચાલશે.

૪. ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશ્યલ ૩ માર્ચ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી ચાલશે.

૫. ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશ્યલ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ થી આગામી સૂચના સુધી ચાલશે.

૬. ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશ્યલ ૩ માર્ચ ૨૦૨૫ થી આગામી સૂચના સુધી ચાલશે.

૭. ટ્રેન નંબર ૦૯૦૬૫ માટે બુકિંગ ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ થી અને ૦૯૪૪૭ માટે ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# સિવિલ ડિફેન્સ-સુરતના કાપોદ્રા ડિવીઝનલ વોર્ડન તરીકે સેવા આપતા જાલમભાઈ મકવાણાની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી

। સુરત, તા.૨૯ ।

સિવિલ ડિફેન્સ-સુરતના કાપોદ્રા ડિવીઝનમાં ડિવીઝનલ વોર્ડન તરીકે સેવા આપતા શ્રી જાલમભાઈ વશરામભાઈ મકવાણાને નાગરિક સંરક્ષણ દળ-સુરતમાં સુદીર્ઘ અને પ્રશંસનીય વિશિષ્ટ સેવા આપવા બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ૨૬ મી જાન્યુઆરી -૨૦૨૫ પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી કરવામાં આવી છે. નિયંત્રક (નાગરિક સંરક્ષણ) અને જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધી તથા ડી.જી.પી. (હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ) મનોજ અગ્રવાલની ભલામણથી રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી પામેલા જાલમભાઈ સુરત યુનિટમાં ૨૫ વર્ષથી કાર્યરત



છે. તેમણે રેલ, ભૂકંપ, આગ હોનારત, તથા કોરોના જેવી આફતોમાં મહત્વની રાહત-બચાવ કામગીરી કરી છે. ૫૦૦૦ જેટલા નાગરિકોને નાગરિક સંરક્ષણની બેઝિક તાલીમ તેમજ ફાયર, સર્ચ એન્ડ રેસ્ક્યુની તાલીમ આપવામાં યોગદાન આપી ચૂક્યા છે. જે બદલ વર્ષ ૨૦૧૩ માં તેમને મુખ્યમંત્રીશ્રીના ચંદ્રકથી સમ્માનિત કરાયા હતા.

# નર્મદા જિલ્લામાં વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૩૫ જેટલા કર્મયોગીઓનું ૭૬મા પ્રજાસત્તાક પર્વની દેડિયાપાડા ખાતે ઉજવણી નિમિત્તે વિશેષ સન્માન

## સરકારની વિવિધ યોજનાઓ-અભિયાનોમાં જિલ્લા વહીવટી તંત્ર સાથે જોડાઇને લોકઉપયોગી કાર્યો કરતી સંસ્થાના પ્રતિનિધિઓને સન્માનિત કરાયા









। (માહિતી) નર્મદા, તા.૨૯ ।


દેશના ૭૬મા પ્રજાસત્તાક દિવસ રાષ્ટ્રીય પર્વની દેશ અને રાજ્યમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. નર્મદા જિલ્લા કક્ષાની ઉજવણી જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીના હસ્તે દેડિયાપાડા ખાતે ધ્વજવંદન અને સાંસદશ્રી મનસુખભાઈ વસાવા તથા ધારાસભ્યશ્રી ચૈતરભાઈ વસાવા સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તાલુકા મથકે પીઠા ગ્રાઉન્ડ ખાતે ઉત્સાહ ઉમંગ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લામાં વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓમાં માહિતી વિભાગ, પોલીસ વિભાગ, ૧૦૮ એમ્બ્યુલન્સના આરોગ્ય કર્મયોગીઓ, શિક્ષણ વિભાગ, મહેસુલ વિભાગ, આંગણવાડી, રમત-ગમત, ખેતીવાડી અને સામાજિક સેવા ક્ષેત્રે પોતાનું બહુમુલ્ય યોગદાન આપી રહેલી સ્વૈચ્છિક સંસ્થાના મળી કુલ ૩૫ વ્યક્તિઓનું મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરી પ્રોત્સાહિત કર્યા હતા. નર્મદા જિલ્લામાં વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી હોવાથી દેશ-વિદેશના પ્રવાસીઓ મોટા પ્રમાણમાં મુલાકાતે આવતા હોય સુરક્ષા અને સલામતી પણ એટલી જ મહત્વની બની રહે છે. ત્યારે નર્મદા જિલ્લા પોલીસ વિભાગના જવાનો દ્વારા સુરક્ષા વ્યવસ્થા સાથે નાગરિકોના જીવનરક્ષક પગલાંને લઈને કરવામાં આવતી કામગીરીને ધ્યાને લઈ ૯ જેટલાં જવાનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. નર્મદા જિલ્લા માહિતી કચેરી દ્વારા પ્રિન્ટ- ઈલેક્ટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયાના માધ્યમ થકી પ્રજા અને સરકાર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવીને રાજ્ય-કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાઓ, જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા યોજાતી બેઠકો, અભિયાનોમાં એક પડછાયાની જેમ ઊભા રહીને કવરેજ ઝીલી કરવામાં આવેલી કામગીરી તથા માં નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા, જિલ્લાની મુલાકાતે પધારતા મહાનુભાવોના કવરેજ તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસન સ્થળનો પ્રસાર–પ્રચાર કરીને માધ્યમોમાં બહોળી પ્રસિદ્ધી અપાવી જનમાનસમાં યોગદાન આપવા બદલ જિલ્લાના નાયબ માહિતી નિયામકશ્રી એ.બી.મછાર અને જિલ્લાની ટીમને જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી અને ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા દ્વારા સન્માનિત કરી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. પ્રમાણપત્ર ટીમ દ્વારા હર્ષભેર સ્વીકારવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ટીબી મુક્ત ભારત અભિયાનમાં પોતાનું યોગદાન આપી રહેલાં દેડિયાપાડા આરોગ્ય વિભાગના ટી.એચ.ઓ., સી.એચ.ઓ., આશા વર્કર તથા સ્ૈઉંઉને સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારની મહત્વની ફ્લેગશીપ યોજના આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય તથા વય વંદના કાર્યક્રમ હેઠળ શ્રેષ્ઠ કામગી-રી કરનાર હોસ્પિટલ અને કર્મયોગીઓ, ગુજરાતના માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક કૃષિના અભિયાનને અપનાવી નર્મદા જિલ્લાને કૃષિ ક્ષેત્રે નવો રાહ ચીંધી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બનેલા ખેડૂતો, જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે પોતાનું મહત્વનું યોગદાન આપી રહેલા શ્રેષ્ઠ શિક્ષકો તેમજ નર્મદા જિલ્લા વહીવટી તંત્ર સાથે જોડાઈને પ્લાસ્ટીક મુક્ત નર્મદા અભિયાન ચલાવી ૪૫ દિવસમાં રાજપીપલા શહેરમાંથી ૪૦૦૦ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક ઘન કચરો એકત્રિત કરી સ્વસ્છતા અંગે ઉમદા કામગીરી કરનારા શ્રી નીરજ-કુમાર પટેલનું પણ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# વલસાડ એસટી વિભાગીય કચેરી ખાતે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ અંતર્ગત સેમિનાર યોજાયો

। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।


વલસાડ એસ. ટી. વિભાગ ખાતે રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ ૨૦૨૫ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ એસટી વિભાગના ૭ ડેપો google મીટના માધ્યમથી વર્ચ્યુઅલ જોડાયા તેમજ વિભાગીય કચેરી તથા વિભાગીય યંત્રાલયના કર્મચારીઓ સહિત ૬૦૦ કર્મચારીઓ પ્રત્યક્ષ જોડાયા હતા. આ સેમિનારમાં ૧૦૮ અને શ્રમયોગી કલ્યાણ બોર્ડની મોબાઈલ હેલ્થ યુનિટ-ના માધ્યમથી અકસ્માતમાં પ્રાથમિક સારવારની તાલીમ તથા એમ્બ્યુલન્સના સાધનોની જાણકારી સાથે માર્ગ અકસ્માતમાં તબીબી સહાયના વિષય અન્વયે વિવિધ વ્યાખ્યાનમાળા સહિત કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ૨૦૨૫માં નિવૃત્ત થનાર અને પોતાની ત્રીસ વર્ષથી વધુ ની નોકરી દરમિયાન એક પણ ટિકિટ અંગેનો ગુનો ન ધરાવતા કંડકટર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાનેથી ૧૦૮ ના COO શ્રી જશવંત પ્રજાપતિએ જણાવ્યું કે, ૧૦૮ એ ફક્ત એમ્બ્યુલન્સ નથી પરંતુ જીવન બચાવવા માટેનું કરુણા સાથે સંવેદનાયુક્ત અભિયાન છે, સાથે સાથે ૧૦૮ અને મોબાઈલ હેલ્થ યુનિટ સાથે સંલગ્ન અન્ય સેવાઓનું ડેમોસ્ટ્રેશન કરી તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....




**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.




**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામનું દબાણ તાણ તથા ટેન્શન લાવી શકે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ફેશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.




**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે.




**કર્ક (ડ,હ) :**

આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારા પ્રિય લોકો ખુશખુશાલ છે તથા તમારે તેમની સાથે સાંજ માટે કોઈક યોજના ઘડજો. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.




**સિંહ (મ,ટ) :**

તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.




**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે.



**તુલા (ર,ત) :**

આજે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કોઈ કારણસર હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે.



**ધન (ભ,ધ,ફ) :**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. જો તમે પ્રેમ જીવન ના તાર ને મજબૂત રાખવા માંગતા હો, તો પછી ત્રીજા વ્યક્તિ ના શબ્દો સાંભળી ને તમારા પ્રેમી વિશે કોઈ મંતવ્ય ન લો.



**મકર (ખ,જ) :**

જો તમને ધૂમ્રપાન કરવાની ટેવ હોયતો છોડી દેજો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સતત વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે.

## ન્યૂઝ બ્રિફ

### કોંગ્રેસ હંમેશા સનાતન ધર્મનું અપમાન કરે છે : અમિત શાહ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવવા અંગે ભાજપના નેતાઓના મલ્લિકાર્જુન ખડગેના નિવેદનની ટીકા કરતા કહ્યું હતું કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ હંમેશા સનાતન ધર્મનું અપમાન કરે છે. દિલ્હીમાં જાહેર સભાને સંબોધતા અમિત શાહે કોંગ્રેસ પ્રમુખ ખડગે પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, 'મેં ડૂબકી લગાવી અને ખડગેજીને ઠંડી લાગી.'સોમવારે સંવિધાન રેલીમાં ખડગેએ આરોપ લગાવ્યો હતો કે ભાજપના નેતાઓ ફોટા માટે સંગમમાં ડૂબકી લગાવવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરી રહ્યા છે. શું ગંગામાં ડૂબકી લગાવવાથી દેશની ગરીબી દૂર થશે? શાહે ખડગેને મહાકુંભ ડૂબકી લગાવવા આવતા કરોડો લોકોની ભક્તિની મજાક ન ઉડાવવા પણ આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'ખડગે જી, જો તમારા મનમાં શ્રદ્ધા ન હોય તો કઈ નહીં પરંતુ કુંભમાં પવિત્ર ડૂબકી લગાવવા આવતા ૪૮ કરોડથી વધુ લોકોની ભક્તિની મજાક ન ઉડાવશો.'

### 'અફવાઓ પર ધ્યાન ન આપતાં, જે ઘાટ પર હોવ ત્યાં સ્નાન કરો..'



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯ ।

પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ વચ્ચે ગત રાત્રિએ નાસભાગની ભયંકર ઘટના બની હતી જેમાં ૧૦થી વધુ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે આ મામલે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભમાં આવેલા શ્રદ્ધાળુઓને મહત્ત્વપૂર્ણ અપીલ કરી હતી. સીએમ યોગીએ એક ટ્વિટ કરતાં કહ્યું કે શ્રદ્ધાળુઓને મારો અનુરોધ છે કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે અને તંત્ર દ્વારા અપાયેલા નિર્દેશોનું પાલન કરે. મા ગંગાના દરેક ઘાટને સ્નાન માટે વ્યવસ્થિત કરવામાં આવ્યા છે એટલા માટે શ્રદ્ધાળુઓ જે ઘાટની નજીક છે ત્યાં જ સ્નાન કરે અને સંગમ જવાનો પ્રયાસ ન કરે. સીએમ યોગીએ કહ્યું કે સરકાર અને વહીવટીતંત્ર તરફથી તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે જેથી સ્નાનનું આ પાવન અવસર સુગમ અને સુરક્ષિત રીતે પૂર્ણ થઈ શકે. ઉલ્લેખનીય છે કે મૌની અમાસના અવસરે બીજા અમૃત સ્નાન વખતે સંગમ પર ભીડ ઉમટતાં મંગળ-બુધની રાત્રિએ નાસભાગ મચી ગઈ હતી અને જેમાં અનેક લોકો કચડાઈ ગયા હતા. મોટી સંખ્યામાં લોકો ઘવાયા હતા.

### અમેરિકાને આર્થિક નુકસાન કરતાં દેશો સામે પગલાં લેવાની ચીમકી

# ભારત સહિતના દેશો પર ઊંચી ટેરિફ લાદીશું: ટ્રમ્પની ચીમકી

### ભારત, ચીન, બ્રાઝિલના ઊંચા ટેરિફને લાંબો સમય નહીં ચલાવી લઈએ: અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૯ ।

ભારત, ચીન અને બ્રાઝિલને ઊંચી ટેરિફ ધરાવતા દેશો ગણાવી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ધમકી આપી હતી કે તેઓ અમેરિકાને નુકસાન કરતાં દેશો પર આકરી ટેરિફ લાદશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેના ફોન કોલમાં પણ ટ્રમ્પે દ્વિપક્ષીય વાજબી વેપાર સંબંધો, વધુ અમેરિકી સિક્યોરિટી ઈક્વિપમેન્ટની ખરીદીના મુદ્દા પર ભાર મૂક્યો હતો.ગયા સપ્તાહે બીજી મુદત માટે પ્રેસિડન્ટ બન્યા પછી ફ્લોરિડા રિટ્રીટ ખાતે રિપબ્લિકન સભ્યોને સંબોધતા ટ્રમ્પે જણાવ્યું હતું કે બીજા દેશો શું કરે છે તે જુઓ. ચીન ખૂબ ઊંચી ટેરિફ લાદે છે. ભારત અને બ્રાઝિલ અને અન્ય ઘણા દેશો પણ



ઊંચી ટેરિફ ધરાવે છે. તેથી અમે તે હવે લાંબો સમય આવું ચલાવી લઈશું નહીં, કારણ કે અમે અમેરિકા ફર્સ્ટની નીતિ અપનાવી રહ્યાં છીએ. અમેરિકા એક ખૂબ જ ન્યાયી પ્રણાલી સ્થાપિત કરશે, જ્યાં નાણાં આપણા તિજોરીમાં આવશે અને અમેરિકા ફરીથી ખૂબ સમૃદ્ધ બનશે. તે ખૂબ જ ઝડપથી થશે. અમેરિકાને વધુ સમૃદ્ધ અને શક્તિશાળી બનાવે તેવી સિસ્ટમમાં પાછા જવાનો સમય છે.ગયા સપ્તાહના તેમના પ્રથમ ભાષણનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે બીજા દેશોને સમૃદ્ધ બનાવવા માટે આપણા નાગરિકો પર ટેક્સ લગાવવાને બદલે આપણે આપણા નાગરિકોને સમૃદ્ધ બનાવવા માટે બીજા રાષ્ટ્રો પર ટેરિફ અને ટેક્સ લાદવો જોઈએ. જો વિશ્વની કંપનીઓ ટેરિફ ટાળવા ઈચ્છતી હોય તો તે અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ ચાલુ કરે. અગાઉ પણ ટ્રમ્પ બ્રિક્સ દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ચીમકી આપી હતી. ભારત પણ બ્રિક્સનો સભ્ય દેશ છે.ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન કોલ પછી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી ફેબ્રુઆરીમાં અમેરિકાની મુલાકાત લેશે. શું મોદી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ લેવા માટે સંમત થયા હતાં છે કે નહીં તેવા સવાલના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે મોદી જે યોગ્ય છે તે કરશે. અમે ચર્ચા કરી રહ્યા છીએ. આજે સવારે (સોમવારે) મેં તેની સાથે લાંબી વાતચીત કરી હતી. તેઓ આવતા મહિને કદાચ ફેબ્રુઆરીમાં વ્હાઈટ હાઉસ આવવાના છે. ભારત સાથે અમારા ખૂબ સારા સંબંધો છે. દરેક બાબતની ચર્ચાવિચારણા થઈ હતી. ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રેશન પર કડક કાર્યવાહી ચાલુ કરી છે તથા ભારત અને અમેરિકાએ આશરે ૧,૮૦,૦૦૦ ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સની ઓળખ કરી હોવાના રીપોર્ટ વચ્ચે ટ્રમ્પની ઈમિગ્રન્ટ્સ અંગેની ટીપ્પણીનું વિશેષ મહત્ત્વ છે.

### ૧૪-૧૬ વર્ષના બાળકો સ્માર્ટફોનનો ઉપયોગ શિક્ષણ કરતાં સોશિયલ મીડિયા માટે વધારે કરે છે : સરવે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સ્માર્ટફોનનો ઉપયોગ હવે સામાન્ય બની ગયો છે, પણ આ જ સ્માર્ટફોન બાળકો માટે મોટું દૂષણ પુરવાર થઈ રહ્યો છે. મંગળવારે જાહેર થયેલા એક અહેવાલ મુજબ ૧૪-૧૬ વર્ષના વયજૂથના ૭૬ ટકા બાળકો સ્માર્ટફોનનો ઉપયોગ સોશિયલ મીડિયા માટે કરે છે. જ્યારે લગભગ ૫૭ ટકા બાળકો શિક્ષણ માટે સ્માર્ટફોન વાપરે છે.એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ અનુસાર ૧૪-૧૬ વર્ષના ૮૨ ટકાથી વધુ બાળકોને સ્માર્ટફોન વાપરતા આવડે છે. ઉપરાંત, આ વયજૂથના છોકરાઓ પાસે છોકરીઓ કરતાં વધુ સ્માર્ટફોન છે. ASER ૨૦૨૪ દેશભરમાં કરાયેલો ગ્રામીણ પરિવારોનો સરવે છે. જેમાં ૬૦૫ જિલ્લાના ૧૭,૯૯૭ ગામમાં ૬,૪૯,૪૯૧ બાળકોને આવરી લેવાયા હતા. 'પ્રથમ' નામના એનજીઓની મદદથી કરાયેલા સરવેમાં દરેક જિલ્લામાં સ્થાનિક સંસ્થા કે સંગઠને સરવેની કામગીરી હાથ ધરી હતી. અહેવાલની વિગત અનુસાર "૧૪-૧૬ વર્ષના વયજૂથના ૮૨.૨ ટકા બાળકોને સ્માર્ટફોન વાપરતા આવડે છે. સમીક્ષા હેઠળના ગાળામાં ૫૭ ટકા બાળકોએ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે અને ૭૬ ટકાએ સોશિયલ મીડિયા માટે તેનો ઉપયોગ કર્યો હતો. ૭૮.૮ ટકા છોકરાઓ અને ૭૩.૪ ટકા છોકરીઓએ સોશિયલ મીડિયા માટે સ્માર્ટફોન વાપર્યો હતો." ASERના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર "કેરલમાં સૌથી વધુ ૮૦ ટકા બાળકોએ શિક્ષણ માટે સ્માર્ટફોનનો ઉપયોગ કર્યો હતો. જોકે, સોશિયલ મીડિયા માટે પણ રાજ્યના ૯૦ ટકા બાળકોએ સ્માર્ટફોન વાપર્યો હતો." અહેવાલમાં જણાવ્યા અનુસાર તમામ રાજ્યોમાં ૩૬.૨ ટકા છોકરાઓ પાસે પોતાનો સ્માર્ટફોન હતો. જ્યારે છોકરીઓની બાબતમાં આ હિસ્સો ૨૬.૯ ટકા હતો. ASERના અહેવાલમાં જણાવ્યા અનુસાર કોવિડ-૧૯ મહામારી વખતે સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની વધેલી સંખ્યા ફરી ૨૦૧૮ના સ્તરે આવી ગઈ છે. સરવે મુજબ મહામારીના વર્ષોમાં સરકારી શાળાઓણાં ૬-૧૪ વર્ષના વિદ્યાર્થીઓના એડમિશનમાં મોટો વધારો થયો હતો.

### મહાકુંભમાં નાસભાગ અંગે પ્રત્યક્ષદર્શીનો ખુલાસો

# 'અચાનક બેરિકેડ તૂટ્યું અને બચવાની કોઈ જગ્યા ન મળી'

### ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ અને વહીવટી તંત્રએ ત્વરીત કાર્યવાહી કરતાં રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૯ ।

મૌની અમાસના શાહી સ્નાન વખતે પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં ભયંકર નાસભાગ મચી જેમાં અત્યાર સુધીમાં ૧૦થી વધુના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે આ નાસભાગની ઘટના બનવા પાછળનું કારણ બેરિકેડ તૂટી જવાનું જણાવાઈ રહ્યું છે જેના લીધે ઘટનાસ્થળે અફરા તફરી મચી ગઈ હતી. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ અને વહીવટી તંત્રએ ત્વરીત કાર્યવાહી કરતાં રાહત-બચાવ કામગીરી શરૂ કરી હતી. પોલીસે પછી તૂટી ગયેલા બેરિકેડનું સમારકામ કરાવી મહાકુંભમાં ભીડને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો. માહિતી અનુસાર એક પ્રત્યક્ષદર્શીએ કહ્યું કે રાતે ૨ વાગ્યે શ્રદ્ધાળુઓની ભારે ભીડ સંગમ કિનારે ઉમટી હતી. આ દરમિયાન જ બેરિકેડનો એક હિસ્સો તૂટ્યો અને નાસભાગ મચી ગઈ. જોત જોતામાં સ્થિતિ બેકાબૂ થઈ અને લોકો બેફામ આમ-તેમ ભાગવા લાગ્યા. જેના લીધે અનેક લોકોની વસ્તુઓ નીચે પડી ગઈ અને જે લોકો વસ્તુઓ ઉપાડવા નમ્યા તે ભીડ નીચે કચડાઈ ગયા. તેણે કહ્યું કે ઘણાં લોકોએ બચવા પ્રયાસ કર્યો પણ કોઈ બચવાની જગ્યા ન મળી. બધા વિખેરાઈ ગયા. અનેક ઘાયલ પણ થયા છે. સ્થિતિ જ એવી હતી કે કોઈને ખબર ના પડી શકે ખરેખર શું થઈ રહ્યું છે. મૌની અમાસ પર સંગમ કિનારે સ્નાન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. પોલીસ અને વહીવટી તંત્ર માટે આ ભીડને કાબૂમાં કરવી એ મોટો પડકાર બની ગયો હતો.

### ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા વિવાદ શરૂ

# ICCના CEO જ્યોફ અલાર્ડિસે અચાનક રાજીનામું કેમ ધર્યું?

### આઈસીસીએ અલાર્ડિસને ચેમ્પિયન્સ ટ્રોફી અંગે રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું જે તે રજૂ કરી શક્યતા નહોતા

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પહેલા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) માં માથાકૂટ થઈ હોવાના અહેવાલ છે. ICCએ પુષ્ટી કરી છે કે જ્યોફ અલાર્ડિસે મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) પદેથી રાજીનામું આપી દીધું છે. જોકે ચેમ્પિયન્સ ટ્રોફીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે તેમના રાજીનામાએ અનેક ચર્ચાઓને વેગ આપ્યો છે. જ્યોફ અલાર્ડિસ ૨૦૧૨માં ICCમાં જનરલ મેનેજર તરીકે જોડાયા હતા. તેમને નવેમ્બર ૨૦૨૧માં ICC CEO બનાવાયા હતા. તેના પહેલા જ્યોફ આઠ મહિના સુધી કાર્યવાહક CEO તરીકે ફરજ બજાવી ચૂક્યા હતા. જોકે રાજીનામું આપતાં જ તેમણે એક નિવેદન જાહેર કર્યું જેમાં કહ્યું કે ICCમાં અમે જે પરિણામો મેળવ્યા તે અવિશ્વસનીય છે અને મને તેના પર ગર્વ છે. મારું માનવું છે કે મારા માટે પદ છોડવું અને નવા પડકારોનો સામનો કરવાનો આ યોગ્ય સમય છે. જ્યોફ અલાર્ડિસનું આઈસીસીના સીઈઓ પદથી અચાનક રાજીનામું આપવાનું કોઈ ચોક્કસ કારણ તો હજુ સામે આવ્યું નથી પણ એવું મનાય છે કે ગત વર્ષે વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં યોજાયેલા T20I વર્લ્ડકપમાં ભ્રષ્ટાચાર અને હવે ચેમ્પિયન્સ ટ્રોફી અંગે બોર્ડના સભ્યો સમક્ષ સ્પષ્ટ ચિત્ર રજૂ ન કરી શકવાને કારણે તેમણે પોતાનું પદ છોડી દીધું છે. ચેમ્પિયન્સ ટ્રોફીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પાકિસ્તાન હજુ સુધી સ્ટેડિયમ નિર્માણકાર્ય પૂર્ણ કરી શક્યું નથી. આઈસીસીએ અલાર્ડિસને ચેમ્પિયન્સ ટ્રોફી અંગે રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું જે તે રજૂ કરી શક્યતા નહોતા.

# ટ્રમ્પ સરકાર અમેરિકામાં આવકવેરો નાબૂદ કરીને ટેરિફમાં વધારો કરે તેવી શક્યતા

### 'દેશના નાગરિકોને સમૃદ્ધ બનાવવા માટે વિદેશી રાષ્ટ્રો પર કર અને ટેરિફ લાદીશું' : ડોનાલ્ડ ટ્રમ્પ

। (એજન્સી) ફ્લોરિડા, તા.૨૯ ।

અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક મોટો નિર્ણય લઈ શકે છે. એવું કહેવાય છે કે તેઓ દેશમાં આવકવેરો નાબૂદ કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર આદેશ આપવામાં આવ્યો નથી. ટ્રમ્પ કહે છે કે આવકવેરો નાબૂદ કરીને, ટેરિફને પ્રોત્સાહન આપી શકાય છે જેથી આપણે આપણા નાગરિકોને બદલે અન્ય દેશોમાંથી આવક મેળવી શકીએ. સોમવારે, ટ્રમ્પે અમેરિકન નાગરિકોની ડિસ્પોઝેબલ ઈન્કમ વધારવા માટે આવકવેરો નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ડિસ્પોઝેબલ ઈન્કમ એટલે કર અને અન્ય સામાજિક સુરક્ષા ખર્ચ ચૂકવ્યા પછી બચેલી આવક. અમેરિકી રાષ્ટ્રપતિ કહે છે કે આ પગલાથી આપણે એ સિસ્ટમ પાછી લાવીશું જેના કારણે 'અમેરિકા ધનવાન' બન્યું હતું. તેમણે ફરી એકવાર આવકવેરાને નાબૂદ કરવા માટે આયાત જકાતની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું હતું કે અમેરિકાને એવી વ્યવસ્થામાં પાછા ફરવાનો સમય આવી ગયો છે જેણે આપણને વધુ સમૃદ્ધ અને શક્તિશાળી બનાવ્યા હતા... વિદેશી રાષ્ટ્રોને સમૃદ્ધ બનાવવા માટે આપણા નાગરિકો પર કર લાદવાને બદલે, આપણે આપણા નાગરિકોને સમૃદ્ધ બનાવવા માટે વિદેશી રાષ્ટ્રો પર કર લાદવો જોઈએ. તેમણે કહ્યું હતું કે ૧૮૭૦ થી ૧૯૧૩ દરમિયાન અમેરિકાના ઈતિહાસમાં આ દેશ સૌથી ધનિક હતો.

### ઇન્ટરનેટ પર મૃત્યુ-વિદેશી સંસ્કૃતિ વિશે વારંવાર સર્ચ કરતી હતી

# 'મૃત્યુ પછી શું થાય છે', ગૂગલ સર્ચ કરી છોકરીએ આત્મહત્યા કરી

। (એજન્સી) નાગપુર, તા.૨૯ ।

મહારાષ્ટ્રના નાગપુરમાં ૧૭ વર્ષની એક છોકરીએ કથિત રીતે આત્મહત્યા કરી છે. આત્મહત્યા કરતા પહેલા તેણે ઈન્ટરનેટ પર "મૃત્યુ પછી શું થાય છે" તે બાબતે સર્ચ કરી હોવાની પોલીસે માહિતી આપી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે છોકરી એક ખાનગી શાળામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી અને તેના માતાપિતાની તે એકમાત્ર સંતાન હતી. તેના પિતા નાગપુરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં પ્રાદેશિક ડિરેક્ટર છે. તેમના જણાવ્યાં અનુસાર, આ છોકરી ઘણીવાર ઈન્ટરનેટ પર મૃત્યુ અને વિદેશી સંસ્કૃતિઓ પર સંશોધન કરતી રહેતી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે છોકરી ઓનલાઈન ગેમ્સ રમવાની વ્યસની હતી. પોલીસે જણાવ્યું હતું કે કથિત રીતે તેણે પહેલા પોતાના કાંડા પર ચાકુથી કાપા પાડ્યા હતા.

## વિશેષ

### દીક્ષા મેળવવી એ શિક્ષાનો અંત નથી, પરંતુ મળેલા જ્ઞાનનો સમાજ માટે ઉપયોગ કરવાના સમયની શરૂઆત છે : મંત્રી ઋષિકેશ પટેલ

# ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી







। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) ના ૧૪મા પદવીદાન સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતાને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આધુનિક ટેકનિકલ વિકાસ પર ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે ટેક્નોલોજી ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે માનવતા અને જીવનમૂલ્યો સાથે જોડાયેલી હોય. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, ટેકનિકલ પ્રગતિ સાથે નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવા જીવનમૂલ્યો પણ અપનાવવા જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ ફક્ત ડિગ્રી પ્રાપ્ત કરવાનો અવસર નથી, પરંતુ જીવનના નવા અધ્યાયનો આરંભ છે. શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય ફક્ત ભૌતિક સુખ પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ માનવતાના ઉચ્ચતમ મૂલ્યોને આત્મસાત કરવાનો છે. જ્યાં સુધી આપણે શિક્ષણને રાષ્ટ્રના હિત સાથે નહીં જોડીએ, ત્યાં સુધી તે અધુરુ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને કુળની પ્રતિષ્ઠા વધે, સમાજનું ગૌરવ વધે અને ભારતનો વૈભવ વધે એવું જીવન જીવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક બનવાનો સંદેશ આપતાં કહ્યું કે, રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન જ શિક્ષણનો ખરો ઉદ્દેશ છે. તેમણે યુવાનોને અપીલ કરી કે તેઓ પોતાની પ્રતિભા અને જ્ઞાન રાષ્ટ્ર નિર્માણ અને સમાજના કલ્યાણ માટે સમર્પિત કરે.

આ પ્રસંગે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, લાર્શન એન્ડ ટુબ્રોના ડાયરેક્ટર અને ઉપાધ્યક્ષ શ્રી જયંત પાટીલ, GTU ના કુલપતિ ડૉ. રાજુલ ગજ્જર, ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમર અને અનેક વિશિષ્ટ અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતના વૈભવી અતીતની મહાન સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ભારત પ્રાચીન સમયમાં 'વિશ્વગુરુ' અને 'સોનેકી ચીડિયા' હતું. ગામેગામ આત્મનિર્ભરતાના ઉદાહરણો હતા, જ્યાં દરેક વ્યક્તિ પોતાની કુશળતાથી અર્થતંત્રને મજબૂત બનાવતી હતી. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના મહાન વારસાને અપનાવવાના અને ગુલામીની માનસિકતાથી બહાર આવવાના આહ્વાન કર્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અભિયાનની પ્રશંસા કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, યુવા ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. તેમણે GTU ના યોગદાન અને વિદ્યાર્થીઓના નવાચારની ભાવનાની સરાહના કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે GTUના વિદ્યાર્થીઓ ટેકનિકલ અને નૈતિક મૂલ્યો સાથે ભારતને ૨૦૪૭ સુધીમાં એક વિકસિત ભારત બનાવવા માટેના સંકલ્પને સાકાર કરશે. રાજયપાલશ્રીએ પદવી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવીને વિદ્યાર્થીઓની સફળતા આપણા દેશની પ્રગતિ અને વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આરોગ્ય તથા ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પદવી મેળવનારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું કે, દીક્ષા મેળવવાથી શિક્ષાનો અંત નથી આવતો, પરંતુ વિદ્યાર્થી તરીકે મળેલા જ્ઞાનનો સમાજ માટે ઉપયોગ કરવાનો સમય હવે શરૂ થવાનો છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતમાં જ્ઞાન, સંસ્કૃતિ અને શાસ્ત્રોની ઉજ્જ્વળ પરંપરા રહી છે. વિજ્ઞાન, ગણિત, ચિકિત્સા, એટોમિક એનર્જી સહિતનાં તમામ ક્ષેત્રે ભારતીય ઋષિ-મુનિઓએ કરેલાં શોધ-સંશોધનો આપણાં શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ૧૯મી સદી 'મની પાવર'ની સદી હતી, ૨૦મી સદી 'નૉલેજ'ની સદી હતી અને ૨૧મી સદી ઉદ્યોગની સદી છે. વર્ષો પહેલાં આપણાં શાસ્ત્રોમાં કરેલી અનેક કલ્પનાઓ અને અત્યાર સુધી માત્ર ફિલ્મોમાં ફિક્શન તરીકે જોયેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સ જેવી ઘટનાઓ હવે વાસ્તવિકતા બની રહી છે. મંત્રીશ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે સ્વપ્ન જોયું છે, તે સ્વર્ણિમ યુગના સ્વપ્નને સાકાર કરવાનું સૌભાગ્ય અને જવાબદારી આજના યુવાનોની છે. આજે વિશ્વની અનેક મોટી કંપનીઓના સીઈઓ મૂળ ભારતીય છે, ત્યારે વડીલોએ અર્જિત કરેલા જ્ઞાનની પરંપરાને ઉજ્જ્વળ બનાવવા અને વિકસિત ભારત બનાવવાની દિશામાં આગળ વધવા સૌ દીક્ષાર્થીઓને અનુરોધ કર્યો હતો.

એલ એન્ડ ટી ના ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડન્ટશ્રી જયંત પાટીલે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેની આ 'ઈન્ડિયાથી ભારત' સુધીની યાત્રા છે. તેમણે કહ્યું કે સમજણ પૂર્વકનું જ્ઞાન મેળવી તેને આધારે આગળ વધવું જોઈએ. શ્રી પાટિલે ઉમેર્યું કે, ઈતિહાસ એ શ્રેષ્ઠ શિક્ષક છે અને તેની ભૂલોમાંથી શીખવું જોઈએ. હડપ્પિયન કાળમાં લોથલ એ વૈશ્વિક વેપારનું મહત્ત્વનું કેન્દ્ર હતું, જ્યારે મધ્યકાલીન યુગમાં સુરતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ ધમધમતો હતો. ભારતની આ વિરાસત આજે પુનઃસ્થાપિત થઈ રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ ક્રિસ જેક્રીન્સની ગાંધીનગરમાં મુલાકાત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેલ મહાકુંભ-ખેલો ઈન્ડિયાના સફળ આયોજનોની કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રમુખને જાણકારી આપતા મુખ્યમંત્રી

। ગાંધીનગર, તા.૨૯ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ શ્રીયુત ક્રિસ જેક્રીન્સ OBEએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ શુભેચ્છા મુલાકાત બેઠક દરમિયાન તેમણે રમતગમત ક્ષેત્રના ભાવિ વિકાસ અને આગામી સમયમાં ભારતમાં યોજાનારા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ ઈવેન્ટ અંગે વિચાર પરામર્શ કર્યા હતા. ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે સસ્ટેઈનેબલ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થયું છે તેનો મહત્તમ લાભ યુવા ખેલાડીઓ સહિત ખેલકૂદ પ્રતિભાઓને મળે છે તેની ભૂમિકા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી. એટલું જ નહિ, વડાપ્રધાનશ્રીના



નેતૃત્વમાં ખેલ મહાકુંભ તથા ખેલો ઈન્ડિયા જેવા વિરાટ આયોજન સફળતાપૂર્વક પાર પડ્યા છે તે અંગે પણ કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટને તેમણે માહિતગાર કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ૨૦૨૫માં કોમનવેલ્થ વેઈટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ્સ તેમજ ૨૦૨૮માં અંડર ૨૦ એથલેટીક્સ ચેમ્પિયનશિપ્સ અને ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ જેવી પ્રતિષ્ઠિત વૈશ્વિક રમત સ્પર્ધાઓના આયોજન માટે સજ્જ થઈ રહ્યું છે તે અંગે પણ વાતચીત કરી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ બેઠક દરમિયાન કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના પ્રેસિડેન્ટ શ્રીયુત ક્રિસ જેક્રીન્સે પણ કોમનવેલ્થ ગેઈમ્સના ૨૦૨૬-૨૦૩૦ના રોડમેપ તથા ગેઈમ્સ રિસેટ ફ્રેમવર્કની જાણકારી આપી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રમત ગમત સ્પર્ધાના યજમાન રાષ્ટ્રને ઓછું નાણાંકીય ભારણ આવે તથા નાણાંકીય સ્થિરતા મળે તે માટે જે તે રાષ્ટ્રના હયાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વધુ ને વધુ ઉપયોગ રમતોના આયોજનો માટે કરવાની નેમ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય સ્તરની વિરાટ રમતોના આયોજનોમાં કોમનવેલ્થ ગેઈમ્સ ફેડરેશનના અનુભવ જ્ઞાનના સહયોગથી સાથે મળીને કામ કરવાની તત્પરતા પણ આ મૂલાકાત બેઠકમાં દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી નિનામા તથા સચિવ શ્રી વાળા વગેરે પણ આ શુભેચ્છા મુલાકાત બેઠકમાં જોડાયા હતા.

## ન્યૂઝ બ્રિફ

### સામાન્ય નાગરિકો માટે સંવેદનશીલ ગુજરાત પોલીસ અસામાજીક તત્વો માટે તેટલી જ કડક

। ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાત પોલીસ રાજ્યના નાગરિકોની સુરક્ષા અને કલ્યાણ માટે તેમની પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. એક તરફ મહિલા, બાળકો અને વયસ્ક નાગરિકોની સંવેદનશીલ જરૂરિયાતોને અનુરૂપ “સાંત્વના કેન્દ્ર”, “શી ટીમ”, “ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી” અને “તેરા તુજકો અર્પણ” જેવા વિવિધ કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ દ્વારા ગુજરાત પોલીસ સહાનુભૂતિપૂર્વક સહાય પૂરી પાડે છે. બીજી તરફ, ગુજરાત પોલીસ રાજ્યની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા ગુંડા તત્વો અને નિર્દોષ નાગરિકોને પરેશાન કરતા અસામાજિક તત્વો સામે કડક પગલા લેવા તેમજ કાયદાનું ભાન કરાવવા કડક પગલા પણ લઈ રહી છે. ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી છેલ્લા કેટલાક સમયથી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન ત્રણ વર્ષમાં પાસા હેઠળ અટક થયેલા ૧૧૫૭ આરોપીઓને ભેગા કરી કાયદાના પાઠ ભણાવવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એવા ગુનેગારો પર નજર રાખવાનો છે જેઓ અગાઉ અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. તે ઉપરાંત આ રીઢા ગુનેગારોને ફરીથી ગુનાખોરીના માર્ગે જતા અટકાવવાનો છે. રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની સૂચનાથી તાજેતરમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા શહેરમાં આ પ્રકારના આયોજન કરવામાં આવ્યા હતા. જેમા વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન પાસા હેઠળ અટક થયેલા કુલ ૧૧૫૭ આરોપીઓને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે તેમની સાથે વાતચીત કરીને તેમની વર્તમાન પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી અને તેમને સ્પષ્ટ શબ્દોમાં સમજાવવામાં આવ્યું હતું કે જો તેઓ ફરીથી ગુનાખોરીમાં સંડોવાયેલા જણાશે તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાત પોલીસની આ પહેલ ગુનાખોરીને નિયંત્રણમાં રાખવા અને સમાજમાં શાંતિ અને સુરક્ષા જાળવવાના પ્રયાસમાં મહત્વની બની રહેશે.

### ૧૫,૧૬,૨૨ અને ૨૩ ફેબ્રુઆરીની અમદાવાદ-એકતા નગર હેરિટેજ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-એકતા નગર વચ્ચે ચલાવવામાં આવી રહેલી ટ્રેન નંબર ૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ-એકતા નગર-અમદાવાદ હેરિટેજ સ્પેશિયલ નું ફેબ્રુઆરી મહિનામાં પ્રસ્તાવિત (POH) મેન્ટનન્સ કાર્યને કારણે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે: ૧૫,૧૬,૨૨ અને ૨૩ ફેબ્રુઆરીની ટ્રેન નંબર ૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ-એકતા નગર-અમદાવાદ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે ‘પોપ્યુલર ચોઇસ’ કેટેગરીમાં જનતા જનાર્દનના સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રણ વર્ષથી ગુજરાતના ટેબ્લોને પ્રથમ સ્થાનનું ગૌરવ સન્માન અપાવવા અંગે ગુજરાતના સૌ નાગરિકોનો આભાર વ્યક્ત કરીને અભિનંદન પાઠવ્યા







। અમદાવાદ, તા.૨૯ ।

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો “આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ“ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે.

ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદય પૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “વિરાસત ભી, વિકાસ ભી”નો જે મંત્ર આપ્યો છે તેને ગુજરાત જનભાગીદારી થી સાકાર કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના ૩૧ ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી સાથે પ્રસ્તુત થઈ હતી. આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લૉઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઈન આપીને “પોપ્યુલર ચોઈસ“ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે તેવો નવતર અને પારદર્શી અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે. ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો ‘આર્નતપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભૂત સંગમ’ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતના ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે “ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત”ના ટેબ્લોમાં વડાપ્રધાનશ્રીએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

**અમદાવાદ મંડળ “રેલ કોચ રેસ્ટોરન્ટ” લોન્ચ કરવા માટે તૈયાર**

# અમદાવાદ મંડળના મુખ્ય રેલ્વે સ્ટેશનો પર ‘રેલ કોચ રેસ્ટોરન્ટ’ સ્થાપિત થશે

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે નો અમદાવાદ મંડળ મુસાફરોની સુવિધાઓ ને વધારવા માટે મહેસાણા, સાબરમતી, આંબલી રોડ, ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશનોના સર્ક્યુલેટિંગ વિસ્તારમાં ‘રેલ કોચ રેસ્ટોરન્ટ્સ‘ શરૂ કરવા જઈ રહ્યો છે. આ અનોખી સુવિધાઓમાં ઈન્ડોર અને આઉટડોર બંને પ્રકારના ભોજનનો વિકલ્પ હશે.” જે બિન ઉપયોગી ટ્રેન કોચને સ્ટાઈલિશ, વ્હીલ-માઉન્ટેડ રેસ્ટોરન્ટમાં રૂપાંતરિત કરશે.” અમદાવાદ મંડળના વાણિજય પ્રબંધક શ્રી અન્નુ ત્યાગીના જણાવ્યા અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય મુસાફરોને વૈભવી, એર-કન્ડિશન્ડ ભોજનનો અનુભવ પૂરો પાડવાનો છે. ભારતીય રેલવે ના નવીન અભિગમના ભાગ રૂપે, સંશોધિત કોચમાં અત્યાધુનિક ડિઝાઈન, એટેચ કિચન અને વિવિધ સ્વાદને પૂર્ણ કરવા માટે મલ્ટી કયુજિન મેનુ ની સુવિધા હશે, જે બધા ભોજન કરનારાઓ માટે આનંદદાયક અનુભવ સુનિશ્ચિત કરશે. વધુમાં, સમગ્ર પર્યાવરણને અનુકૂળ વાતાવરણને વધારવા માટે બાળકો માટે એક ફન ઝોનનો પણ સમાવેશ કરવામાં આવશે. રેલ કોચ રેસ્ટોરન્ટ્સ‘ ચોવીસ કલાક કાર્યરત રહેશે, જે મુસાફરો અને શહેરના આસપાસના વિસ્તારોના રહેવાસીઓને ભોજન પૂરું પાડશે. ટેકઅવે કાઉન્ટર્સ સુવિધા ઉમેરશે, જેનાથી મુસાફરો હરતા -ફરતાં ઝડપથી ઓર્ડર આપી શકશે. આ રેસ્ટોરન્ટ્સ માટેના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર આમંત્રિત કરવામાં આવ્યા છે, અને પાંચ આયોજિત સંસ્થાઓના એકંદર કોન્ટ્રાકટ મૂલ્યથી નોન-ફેર રેવન્યુ (NFR)માં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. શ્રી ત્યાગીએ એ વાત પર ભાર મૂક્યો કે અમદાવાદ મંડળ પહેલાથી જ વધારાના ‘રેલ કોચ રેસ્ટોરન્ટ્સ‘ પર કામ કરી રહ્યું છે અને નજીકના ભવિષ્યમાં આ નવીન સુવિધાઓને કાર્યરત કરવાની તકો શોધી રહ્યું છે. બિનઉપયોગી કોચને વાયબ્રન્ટ, સંપૂર્ણ રીતે કાર્યરત રેસ્ટોરન્ટમાં પરિવર્તિત કરીને, અમદાવાદ મંડળ મુસાફરોની સેવાઓમાં નવીનતા, ઉપયોગિતા અને લકઝરીને જોડીને એક નવું ધોરણ સ્થાપિત કરી રહ્યું છે.

# અમદાવાદ ખાતે સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ગ્રૂપ-૨ની યજમાનીમાં ‘DGP કપ અંતર્ગત હેન્ડબોલ ટૂર્નામેન્ટનો પ્રારંભ

## એસઆરપીએફ ગ્રૂપ-૨ના ગ્રાઉન્ડમાં રાજ્યની વિવિધ ટીમો વચ્ચે ૩૧ જાન્યુઆરી સુધી ટૂર્નામેન્ટ યોજાશે



। અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૨ના યજમાન સ્થાને અમદાવાદ ફૂટબૉલ ગ્રાઉન્ડ ખાતે ડ્ઢઁ કપ અંતર્ગત હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે ઓપનિંગ સેરેમની યોજાઈ હતી. આગામી તા ૩૧ જાન્યુઆરી સુધી આ ટૂર્નામેન્ટ યોજાશે.

આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો છે, જેમાં પુરુષની ૭ ટીમ અને મહિલાની ૩ ટીમોનો સમાવેશ થાય છે. ડી.જી.પી. કપ હેન્ડબોલ સ્પર્ધામા ભાગ લેનારમાં પુરુષ ટીમોમાં હથિયારી એકમો, અમદાવાદ વિભાગ, ગાંધીનગર વિભાગ, ભાવનગર વિભાગ, રાજકોટ શહેર, અમદાવાદ શહેર, સૂરત શહેરનો સમાવેશ થાય છે. જ્યારે મહિલા ટીમોમાં ભાવનગર રેન્જ, અમદાવાદ શહેર, રાજકોટ શહેરનો સમાવેશ થાય છે. સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ગ્રૂપ-૨નાં સેનાપતિ સુશ્રી મંજિતા વણઝારાની આગેવાનીમાં આ સમગ્ર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ સાથે ખભે ખભા મિલાવી વિપરિત પરિસ્થિતિઓમાં અગ્રિમ હરોળમા કાયદો અને વ્યવસ્થાની સતત એકધારી ફરજો બજાવવાના કારણે અધિકારી તેમજ કર્મચારીઓ ઘણી વખત માસિક થાક અનુભવતા હોય છે, ત્યારે ગુજરાત પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફિટનેસ તથા ટીમ સ્પિરિટની ભાવના જળવાઈ રહે તે ઉદ્દેશ સાથે દર વર્ષે ડીજીપી કપ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.

# સુરતમાં ૧૧ તોફાનીઓને રીલ બનાવવી પડી ભારે

। (એજન્સી) સુરત,તા.૨૯ ।

આજના સમયમાં તમને ભાગ્યે જ કોઈ એવો માણસ મળશે જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ ના કરતો હોય. કેટલાક લોકો તેમના મનોરંજન માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે જ્યારે કેટલાક લોકો તેના દ્વારા પ્રખ્યાત થવા માંગે છે. જે લોકો સોશિયલ મીડિયા દ્વારા ફેમસ થવા માંગે છે તેઓ સોશિયયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ પર અલગ-અલગ કન્ટેન્ટના વીડિયો પોસ્ટ કરતા હોય છે. સોશિયલ મીડિયાની દુનિયામાં પોતાને ફેમસ બનાવવાનું ભૂત લોકોને એવા લેવલે છે કે લોકો રીલ અને વીડિયો બનાવીને ફેમસ થવા માટે કઈ પણ કરી શકે છે. ત્યારે હાલમાં સુરતના ભેસ્તાન વિસ્તારમાં સોશ્યલ મીડિયામાં ફેમસ થવા માટે ૧૧ યુવાનોએ બ્રિજ પર દોડધામ કરી હતી. જેનાથી વાહનચાલકો ભયભીત થઈ ગયા અને પોતાનું વાહન રોકી દીધું. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો બાદ ભેસ્તાન પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા તમામની અટકાયત કરી છે. સુરતના ભેસ્તાન વિસ્તારમાં ૧૧ યુવાનોએ ભયનું વાતાવરણ ઉભું કરતાં વિવાદ સર્જાયો હતો. આ તમામ યુવકોએ ભેસ્તાન શાલીમાર રેલવે ઓવરબ્રિજ પર રીલ બનાવામાં માટે દોડાદોડી કરીને વાહનચાલકો માટે મુશ્કેલી ઊભી કરી હતી. લગભગ ૩૦ મિનિટ સુધી બ્રિજ પર આ યુવાનો લોકો માટે મુશ્કેલીના કારણ બની ગયા હતા. તેનાથી ટ્રાફિકમાં પણ અવરોધ સર્જાયો હતો. બ્રિજ પર દોડધામ કરતા લોકોનાં જીવ જોખમમાં મુકી દીધા હતા.

### માતાના અફેરથી ગુસ્સે થઈને હત્યા કરી નાખી

# બે ભાઈઓએ કથિત રીતે એક વ્યક્તિને છરીના ઘા મારીને હત્યા કરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

ગુજરાતના ગાંધીનગરમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. જિલ્લામાં બે ભાઈઓએ કથિત રીતે એક વ્યક્તિને છરીના ઘા મારીને હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકના તેની માતા સાથેના અફેરના ગુસ્સાને કારણે તેમણે આ કૃત્ય કર્યું હોવાનું કહેવાય છે. અહેવાલ અનુસાર આરોપીઓએ પીડિતના આંતરડા પણ બહાર કાઢીને ફેંકી દીધા. આ ભયાનક દ્દશ્ય જોઈને લોકો ચોંકી ગયા. પીડિતાના પુત્ર અજય દ્વારા નોંધાવવામાં આવેલી FIR મુજબ, બંને ભાઈઓ સંજય (૨૭) અને જયેશ ઠાકોર (૨૩) ને રતનજી ઠાકોર (૪૫) સામે “ઊંડો રોષ” હતો. રાતનજી ઠાકોરજી બંને ભાઈઓની વિધવા માતા સાથે ૧૫ વર્ષથી વધુ સમયથી સંબંધમાં હતા. એફઆઈઆરમાં જણાવાયું છે કે આરોપીઓનું માનવું હતું કે આ સંબંધ તેમના સ્વર્ગસ્થ પિતાની યાદોનો “અનાદર” કરે છે અને પરિવારને “શરમ”માં મૂકે છે. એફઆઈઆર મુજબ, સંજય અને જયેશ ઠાકોર પહેલા રતનજી ઠાકોર સાથે ઝઘડો કરતા હતા. તપાસ અધિકારી (IO) ઉન્નતિ પટેલે જણાવ્યું હતું કે, ‘તેઓએ વારંવાર તે વ્યક્તિને તેની માતાથી દૂર રહેવાની ચેતવણી આપી હતી અને સમુદાયના વડીલોને પણ આ મામલામાં સામેલ કર્યા હતા.’ જોકે, શાંતિપૂર્ણ રીતે મામલો ઉકેલવાના તેમના પ્રયાસો નિષ્ફળ ગયા. તપાસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ‘રવિવારે, સંજય અને જયેશ, છરીઓ અને સળિયાથી સજ્જ, ગામમાં ઘર બનાવી રહેલા રતનજી ઠાકોર અને તેમના સાથી જીકુજી પરમાર પર હુમલો કર્યો હતો.’ એફઆઈઆરમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હુમલાખોરોએ લોહીથી ખરડાયેલા હથિયારોનો ઉપયોગ કરીને કેટલાક મજૂરો અને રતનજીના સહયોગીઓને ભગાડી દીધા હતા, જેમણે હુમલા દરમિયાન દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો અને બાઈક પર ભાગી ગયા હતા. ભાઈઓને કેવી રીતે પકડવામાં આવ્યા તે અંગે, તપાસ અધિકારીએ કહ્યું કે પોલીસે તેમના મોબાઈલ ફોન લોકેશન દ્વારા તેમને ટ્રેક કર્યા અને બાદમાં તેમની ધરપકડ કરી.

